# ૬૫ કાવ્યો

પવનકુમાર જૈન

## આભાર તમારો :

નૌશિલ મહેતા, રસ, ચીવટ અને ધીરજપૂર્વક આ પુસ્તકનું ડિઝાઇન કરી આપવા બદલ.
કમલ વોરા, મારાં કાવ્યોના વર્ગીકરણમાં સુંદર સહાય કરવા બદલ.
હરેશ પાઠક, આ પુસ્તકના સુઘડ મુદ્રણ અને ઉત્તમ પ્રોડક્શન બદલ.
સતીશ વ્યાસ, તમારા પ્રોત્સાહન બદલ, જેથી હું મારો પ્રમાદ ખંખેરી શક્યો.

# ૬૫ કાવ્યો

પવનકુમાર જૈન

*a nowhere press publication*

pavankumar.jain47@gmail.com

PAANSATH KAAVYO (Collection of Poems)
by Pavankumar Jain

© પવનકુમાર જૈન

**પ્રકાશક : પવનકુમાર જૈન**
***nowhere press***
*૨ બી – ગોવિન્દ નિવાસ, સરોજિની રોડ, વિલેપારલે પશ્ચિમ, મુંબઈ 400 056.*
*Email : pavankumar.jain47@gmail.com*

**પ્રાપ્તિસ્થાન :**
***નવભારત સાહિત્ય મંદિર***
*૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002*
*ફોન : 022-2208 5593 / 022-2201 7213*
*Email: nsmmum@yahoo.co.in*
***અશોક પ્રકાશન મંદિર***
*ખાદી ભંડારની ઉપર, પહેલે માળે, દાંડાવાળા બિલ્ડિંગ,*
*રતનપોળનાકાની સામે, ગાંધી રોડ, અમદાવાદ 380 001*
*ફોન : 079-2214 0770*
***અરુણોદય પ્રકાશન***
*૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ, ખત્રી પોળ, પાડાપોળ સામે,*
*ગાંધી રોડ, અમદાવાદ 380 001*
*ફોન : 079-2211 4108 / 079-6523 0135*
*Email: arunodayprakashan@yahoo.co.in*

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨
પ્રત : ૫૦૦
મૂલ્ય : રૂ. ૧૫૦.૦૦

પવનકુમાર જૈનનું રેખાંકન : સ્મૃતિશેષ પ્રભાકર બર્વે

અક્ષરાંકન : છોટુ વારલી
મુદ્રણસજ્જા : anmdesign@yahoo.co.in
મુદ્રણ : મંજુલ ગ્રાફિક્સ, મુંબઈ

આ પુસ્તક
મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીની
પુસ્તક પ્રકાશન અનુદાન યોજનાના
સહયોગથી પ્રગટ કરવામાં આવ્યું છે.

**Contact:**
Pavankumar Jain
C/o Jyotsna Milan M-4, Nirala Nagar, Bhadbhada Road, Bhopal, 462 003.
Mob: 097570-13271

**મારી 'વા'લી બેન'**
**લવલીના જૈનને પવનભાઈ તરફથી આ ચોપડી ભેટ***

** આ કાવ્યસંગ્રહ હું મારી એ સહુથી નાની અને માનસિક રૂપે વિકલાંગ બહેનને અર્પિત કરું છું, જે આમાંનું કશુંય વાંચી, સમજી કે માણી નહીં શકે; પણ, એ જોઈને એને ખૂબ આનંદ થશે, કે મારા પુસ્તકમાં એનું નામ છપાયું છે. અંતે તો ભેટ મેળવનારનો રાજીપો મોટી વાત છે. કે નહીં?*

## અનુક્રમ


| | |
|---|---|
| વા'લીબેનનું હેત | ૧૧ |
| મારી વા'લીબેન | ૧૨ |
| ઓત્તારીની! | ૧૫ |
| મારા ભાઈઓ | ૧૬ |
| કૂકડા વિનાની સવાર | ૨૦ |
| બાબાગાડી | ૨૨ |
| માનો મૃતદેહ | ૨૪ |
| હોવાનો અર્થ | ૨૫ |
| અડપલું | ૨૬ |
| બાપલિયા, માણસ છું | ૨૭ |
| મન થાય છે | ૨૮ |
| તમાકુડીની તલપ | ૩૦ |
| નકશાની વાત | ૩૨ |
| મનમાં ગાંઠ વાળો | ૩૪ |
| પાનખર સોહામણી | ૩૬ |
| કાલગ્રસ્ત | ૩૭ |
| મનને ખીજડિયે | ૩૮ |
| ઝબલું | ૩૯ |
| હવે ક્ષિતિજો નથી | ૪૦ |
| એક જમાનો હતો | ૪૧ |
| વંટોળિયાને | ૪૨ |
| વિગત | ૪૩ |
| થોડી જ વારમાં | ૪૪ |
| અકથ્યનું કાલું | ૪૫ |
| ફળ અને શાકભાજી | ૪૬ |
| ગાજર-મૂળા | ૪૯ |
| શબરીનાં બોર અને રામનું દુઃખ | ૫૦ |
| ઘરડા ભીંડા | ૫૧ |
| કવિ-બકાલને | ૫૨ |
| કાગળની ઇચ્છા | ૫૩ |
| કવિતામાં ચાલે? | ૫૪ |
| છતાં, તમે કવિતા લખશો? | ૫૬ |
| 'અસલ' કાવ્યપાક | ૫૯ |
| શબ્દ-પ્રપંચ | ૬૦ |
| કાગળની હોડી | ૬૨ |
| પ્રતિસાદ | ૬૪ |
| કોઈ એવું કાવ્ય | ૬૫ |
| એક 'ખડક છાપ' કાવ્ય | ૬૬ |
| એક 'મેઘધનુષ્ય' છાપ કાવ્ય | ૬૭ |
| એક 'ચંદ્ર' છાપ કાવ્ય | ૬૮ |
| એક 'ભીલ' છાપ કાવ્ય | ૭૦ |
| એક 'કટલેટ' છાપ કાવ્ય | ૭૧ |
| એક 'પોપટ' છાપ કાવ્ય | ૭૨ |
| પોપટ આંબાની ડાળ | ૭૩ |
| ચામડીને સપનું આવ્યું | ૭૪ |
| ચીંથરે વીંટ્યું રતન | ૭૫ |
| પાતાળ-પ્રવેશ | ૭૬ |
| દરિયો : એક દંતકથા | ૭૭ |
| વર્તમાન | ૭૮ |
| મૃત્યુને આહ્‌વાન | ૭૯ |
| આત્મહત્યા | ૮૦ |
| ચાંદું | ૮૧ |
| ચિયર્સ | ૮૨ |
| દાદુર દટાઈ ગયા | ૮૩ |
| ફૂલો : મોનો ઇમેજ | ૮૪ |
| તડકો : મોનો ઈમેજ | ૮૬ |
| એક બાળરમત | ૮૮ |
| દારૂનો પ્યાલો | ૮૯ |
| શરમ-ભરમ | ૯૦ |
| કીડીઓ | ૯૧ |
| ભલે પધાર્યા | ૯૨ |
| વાણિયો | ૯૩ |
| પતંગિયું | ૯૪ |
| ગોવાળની પ્રતિજ્ઞા : ઇમરજન્સી નિમિત્તે | ૯૫ |
| તરવું છે? | ૯૬ |
| પરિશિષ્ટ : આસ્વાદ | ૯૭ |

# પ્રસ્તાવના

## કવિતા

કખગઘ ભણી જાઓ
કવિતા વાંચી જાઓ
મોંપાટ પૂરપાટ બોલી જાઓ
કવિતા વાંચી જાઓ

ધડધડ દાદરા ઊતરી જાઓ
કવિતા વાંચી જાઓ

ખંખોળિયું લેતાં લેતાં
લાસલુસ ખાતાં ખાતાં
વિના કામ ઇધરઉધર ઘૂમે જતા
ઠંડા પ્હોરે ઝોકાંઓને જોખે જતા

કવિતા...
આમ તમે કવિતા શું વાંચી જશો?
કવિતા તો પલાંઠી
પાલવે તો લગાવો
નહીં તો પેલા છાપરે જઈ પતંગને ચગાવો.

**નલિન રાવળ**

## વા'લીબેનનું હેત

પોતાનો ઘસાઈને ફાટી ગયેલો
ટુવાલ મને ભેટ આપતાં
મારી ભોળી બહેન પૂછે છે :
આ તમને હાથ-પગ લૂછવા
કામ લાગશે ને?

અકિંચન શબરીના
એઠાં બોરની મીઠાશ
ઠેરઠેર વેરાયેલી પડી છે.
જરા માણી જુઓ.
રામ બની જશો.

*નવનીત સમર્પણ, જુલાઇ, ૨૦૧૨*

## મારી વા'લીબેન

બિલાડીની જેમ
કોમળ સ્પર્શને ઝંખતી,
કૂતરાની આંખો
જેવી ભીની, ભોળી
આંખે (ત)મારી સામે
જોતી,
ખિલખિલ હસતી,
કાલુંકાલું બોલતી,
આ પરી,
સાત ભાઈ-બહેનોમાં
મારી સહુથી નાની બહેન.

એના જન્મથી
આજ સુધીમાં
૪૬ વર્ષનાં વહાણાં
વાઈ ગયાં છે.
છતાં, એ રહે છે
૪-૬ વર્ષની
નિર્દોષ, અસહાય
બાલિકા.

ઇતિહાસ, ભૂગોળ, ગણિત,
રાજનીતિ, દેશ-પરદેશ,
કશું એને ન કળાય.

અહોહો એટલાં રમકડાં
એની પાસે, તોય
નવું રમકડું મેળવવા
તલસે, વલવલે, નિત્યબાળા.

ઉંમરનું એને શું?
રમકડાં જોઈએ એમાં
લાજ શેની?

કડવાઝેર આહ્લાદનું
કચોળું મારી સામે
ને સામે.

ઢોળાય નહીં,
ફોડી નખાય નહીં;
એમાંથી પીવાની
ના પડાય જ કેમ?
કોઈ એ માગે નહીં.
કોઈને અપાય પણ નહીં.

કડવાઝેર આહ્લાદનું
આ કચોળું નિતાંત
મારું છે.
પીશ એમાંથી,
દમખમ રહે ત્યાં સુધી.

ખાતર-પાણી સીંચું
ને ફૂલ ખીલે,
તેમ,
આ બહેનીને
વહાલનું અમી સીંચી
વિષાદયુક્ત હરખથી
નીરખું.

ભોળી છે તોય
‘વા’લીબેન’ કહી
ભરમાવું.
ભરમાઈને
સુખના આભમાં
એ વિહરે.

નહીં, નહીં,
બાળપણ નિત્ય રહે,
એવું વરદાન
કોઈનેય ન ફળજો.

*એતદ્, જાન્યુઆરી-માર્ચ, ૨૦૧૦*

## ઓત્તારીની!

પછી હું જન્મ્યો.
કહો, કેવો જન્મ્યો?

અહો, એવો જન્મ્યો :
ગંધાતી, સાંકડી તિરાડમાંથી
એક અળસિયું બેળેબેળે
બહાર આવે તેમ,
ઊંધે માથે,
નિર્લજ્જ, નીપટ નાગો;
તીણું-ઝીણું, હાસ્યાસ્પદ
કલપતો;
અબુધ, આંધળો, મૂંગો;
ભૂખ્યો, તરસ્યો;
હાથપગ વીંઝી તરફડતો
અવતર્યો.

ત્યારે, લોકોએ હરખપદૂડા
થઈ પેંડા ખાધા બોલો!

*સન્ધિ, જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૯*

# મારા ભાઈઓ

૧

પ્રિય ભાઈ,
આપણે એક સિક્કાની
બે બાજુઓ છીએ :
એક બાજુ તું છે, અને
બીજી બાજુ હું છું.
આપણી ધાતુ એક છે
પણ, ચહેરા જુદા છે.
હવે, સિક્કાને
ઉછાળીએ ત્યારે :
જો કાંટો પડે તો
તું જીતે, અને
છાપ પડે
તો હું જીતું.
પણ, જો તું હારે
તો હું જીતું,
અને જો હું હારું
તો તું જીતે.
કેમ કે,
કાંટો અને છાપ
બન્ને તો સાથે
પડી જ નથી શકવાના.

૨

પ્રિય ભાઈઓ,
આપણે એક ઘડિયાળના
ત્રણ કાંટા છીએ.
આપણામાંનો સહુથી નાનો
પસાર થતી સેકન્ડ્સની
ઝડપે દોડે છે.
તું પસાર થતી મિનિટોની
ઝડપે ચાલે છે.
અને, હું સહુથી
ધીમો ખસું છું.

તમે બન્ને મારા
ધીમાપણાથી અકળાઓ છો.
અને તમારા બન્નેની દોડના
કેવળ સૂચક હોવા બદલ
તમે મને ધિક્કારો છો.
પણ, તમે બન્ને જે છો,
તે જોતાં તો હું
કલાકનો કાંટો જ હોઈ શકું.

૩

પ્રિય ભાઈઓ,
તમારા બેમાંનો એક
એક વૃક્ષનાં પાન છે,
અને બીજો
એ વૃક્ષનાં ફૂલ છે.
હું એ વૃક્ષનાં મૂળ છું.
ખરી વાત છે કે :
તમે કડકડતી ઠંડી,
બળબળતા તડકા,
અને ધોધમાર વરસાદ
સામે ઝઝૂમો છો.

પણ, અંધકારમાં ખેડાતા
મારા કટુ અને એકલવાયા
સંઘર્ષને તમે કેમ ક્યારેય
નજરમાં ન લીધો?

૪

પ્રિય ભાઈઓ,
તમારા બેમાંનો એક
આકાશ છે.
બીજો પૃથ્વી છે.
અને હું પવન છું.

આકાશભાઈ, તું ક્યારેક
ઇન્દ્રધનુષ લહેરાવે છે,
ક્યારેક વાદળોને ભેગાં કરી
વરસાદ પાડે છે,
અને કાયમ સૂર્ય, ચન્દ્ર
અને તારાઓની જાજમ પાથરતો
અને સમેટતો રહે છે.

પૃથ્વીભાઈ, તું પહાડો,
સમુદ્રો અને રણોનું
ઘર બને છે, અને
વૃક્ષો અને પ્રાણીઓને
પોતાના ઉપર ઉગાડે છે.

જ્યારે હું, દરેક વસ્તુને
મારા વેગમાં ઘસડતો,
ડોલાવતો અને હચમચાવતો
એક ઠેકાણેથી બીજે ઠેકાણે
ભટકતો રહું છું.

ખરી વાત છે,
આપણા ત્રણેમાં
હું જ સહુથી અકિંચન
દેખાવકાર છું.

*પરબ, ડિસેમ્બર ૧૯૮૨*

## કૂકડા વિનાની સવાર

ખરી વાત છે :
કૂકડો ન બોલે,
તો સવાર ન પડે
એવું કંઈ નથી.

પડોશીના વાડામાં કૂકડો
બોલે, ને તમે
આળસ મરડો,
કે પથારીમાં ઍલાર્મ
રણકે, ને તમે
ઊછળીને બેઠા થઈ જાઓ –

સવાર તો આમ પણ
પડશે, ને તેમ પણ.

આભમાંથી કશુંક પડશે
ને ધરતી પર પટકાશે.
ત્યારે પરોઢ ફૂટશે
ને એમ સવાર પડશે.

કાળાં ઝાડ-પાન લીલાં થશે.
ફૂલો રાતાં, પીળાં, નીલાં ને ગુલાબી થશે.
બધે બધું રંગબેરંગી થશે.
કાગડા, કાબર, પોપટ, ચકલી
કલશોર કરશે.

એવે ટાણે કૂકડો ન બોલે,
તો સવાર ન પડે
એવું નહીં થાય.

ખરી વાત છે.
તોય જરીક
સૂનુંસૂનું તો લાગશે ને!

એતદ્, એપ્રિલ-જૂન, ૨૦૧૨

---

*નાનપણમાં બા મને કોઈ કામ સોંપતી. હું ના પાડી દેતો. બા મનાવતી. હું ન જ માનતો. ત્યારે બા છણકો કરી કહેતી : 'ટળ અહીંથી. કૂકડો ન બોલે, તો સવાર ન પડે એવું કંઈ નથી.'*

---

## બાબાગાડી

એમના લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો
પહેરીને મારાં માતા-પિતા
ફરવા નીકળ્યાં છે.
એમની સાથે એક
બાબાગાડી પણ છે.
એ બાબાગાડીમાં બેઠોબેઠો હું
મારી ઝીણી, પાંત્રીસ વર્ષની
આંખો વડે જાડા કાચમાંથી
દુનિયાને જોઉં છું.
જતા-આવતા લોકો હસે છે,
ગુસપુસ કરે છે
અથવા મોં ફેરવી લે છે.
હું મારાં માતા-પિતાને પૂછું છું :
શું આપણે આ બાબાગાડીને
ફગવી ન દઈ શકીએ?
હું બરાબર ચાલી ન પણ શકતો હોઉં,
અને હું એટલું ઝડપથી તો કદીય
નહીં દોડી શકું કે હું
ઓલિમ્પિક્સમાં ભાગ લઈ શકું,
છતાં, હું ડગમગ પગલે
તો ચાલી જ શકું છું.

એમના હોઠોને જોરથી
ભીડી એઓ બબડે છે :
તારાથી બરાબર ચાલી નથી શકાતું,
તું દોડી શકવાનો નથી
અને તારી ઉંમરે કોઈ
ડગમગ પગલે ચાલતું જ નથી.
અમે ઘણાં જ થાકી ગયાં છીએ,
છતાં તને બાબાગાડીમાં બેસાડી
ફરવા નીકળીએ છીએ.
દયા કરી તું અમને
હવે વધુ ત્રાસ નહીં આપ.

*પરબ, ડિસેમ્બર ૧૯૮૩*

## માનો મૃતદેહ

મા મરી ગઈ.
ડૉક્ટરે ચાદર ખેંચી
પગથી માથા સુધી
એને ઢાંકી દીધી.

મેં પૂછ્યું : કેમ?
કહે : મરી ગઈ છે ને.

મેં કહ્યું : ના, મોઢું
ઉઘાડું રાખો, ડૉક્ટર.
એ ચાદર નીચે
ઢંકાયેલું ભયાવહ
મડદું ન હોય.

ભલે મરી ગઈ હોય,
એ મારી મા છે, હજીય.

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

## હોવાનો અર્થ

હમણાં હમણાંનો હું
હોવાનો અર્થ શોધવા માંડ્યો છું.
કેમ?
કદાચ, ઘરડાપો અનુભવાય છે.

શબ્દ-કોયડા ઉકેલું છું,
દાળ-ઢોકળી ખાઉં છું,
એક પડોશી સાથે મળી
બીજાની કૂથલી કરું છું,
દરિયાકિનારે સૂર્યાસ્ત જોઉં છું,
રાતાં ગુલાબ ઉછેરું છું,
ચોપડીઓનાં પ્રૂફ્સ વાંચું છું,
ભગવાન ન હોવા વિશેની
તર્કપૂર્ણ દલીલો સમજવા
મથું છું,
યા નિશા સર્વ ભૂતાનામ્-માં
જાગતો રહી
પાછલા પહોરે ઊંઘું છું,
ગમે તે કરું છું –
હોવાનો અર્થ નથી સાંપડતો.

હવે આ ફીફાં ખાંડવાનું
બંધ કરું, અને માથેથી
રોજ કેટલા વાળ ખર્યા,
તે એક પોથીમાં નોંધવા માંડું,
તો કેમ રહેશે?

*સન્ધિ, જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૯*

## અડપલું

મારે બે હાથ, બે પગ,
બે કાન અને બે આંખો છે.

વળી એવી ગમ્મત પણ છે,
કે એક નાક ને બે નસકોરાં,
એક મોં ને બત્રીસ દાંત,
અને... અને...
ચાલો, કહી દઉં,
એક લટકણિયું પણ છે.

ના, પૂંછડું-બૂંછડું નથી,
એ તો વાનરને હોય.

*સન્ધિ, જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૯*

## બાપલિયા, માણસ છું

સુખમાં ઉલ્લસિત થવું નહીં,
દુ:ખમાં ઉદ્વિગ્ન થવું નહીં.
સુખ-દુ:ખને સમાન ગણવાં.

જીતથી પોરસાવું નહીં,
હારથી અકળાવું નહીં.

આવી શિખામણો માનું,
તો હું
મૂર્તિમંત સુવાક્ય હોઈ શકું,
પથ્થરનું પૂતળું હોઈ શકું,
ભમરડાની જેમ ફરતા
સૂર્ય, ચંદ્ર, તારા હોઈ શકું,
નાગા વરસાદથી રચાતું
મેઘધનુષ્ય હોઈ શકું,
કાંઠાથી બંધાયેલો સમુદ્ર હોઈ શકું.
એવું અઢળક.

નહીં માનું આવી શિખામણો.
બાપલિયા, માણસ છું;
મને માણસ રહેવા દો.

*સન્ધિ, જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૯*

## મન થાય છે

મને મરી જવાનું મન થાય છે;
પણ, આજે તો નહીં મરું,
કારણ કે આ કંઈ
ખાસ દિવસ નથી.

બીજું, કે મારે પેલી
કાચની બે બાટલીઓ
ધોવાની છે,
વાળ કપાવવાના છે,
મોતિયા ઉતરાવવાના છે,
ફૂલ-છોડોને પાણી
પાવાનું છે,
નાનકી બે'નની
સેવા કરવાની છે,
કોઈ અજાણ્યો
કરોડપતિ મને
અમસ્તો અમસ્તો
મોટો દલ્લો આપી જાય
એવાં સપનાં જોવાનાં છે.

આ મરવાની વાતને
હમણાં પૂરતી,
મારી કાળી, જર્જરિત,
કાણાંવાળી થેલીમાં
મૂકી ખીંટી પર
લટકાવી દઉં.

આમ તો મને
બાવા થઈ જવાનું
પણ બહુ મન થાય છે.

પણ, બધે બધું
વેરવિખેર પડ્યું છે
એ સમુંનમું મારે
જ કરવું પડશે.
એમાં વર્ષો લાગી જશે.

ને પાછું લંગોટી
પહેરી ફરવામાં શરમ આવે.

ભીખ માગીને ખાવાનું
ફાવેબાવે નહીં.

એ તો એ,
આપણને બતાવી
માઓ છોકરાંને
બિવરાવે : 'જો,
બાવો આવ્યો.
પકડી જશે.'

એમ લાગે છે,
કે આ વાતનેય
પેલી કાળી, જર્જરિત,
કાણાંવાળી થેલીમાં
મૂકી ખીંટી ઉપર
લટકાવી દઉં.

*સન્ધિ, જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૯*

# તમાકુડીની તલપ

મારા રોમરોમને વળગતી,
ભેંકડા તાણતી,
જટિયાં પીંખતી, પગ પછાડતી,
આ તમાકુડી કકળે છે,
કરગરે છે : મને તેડી લો,
હૈયાસરસી ચાંપી લો,
વહાલ કરો.

પાંત્રીસ વરસ પહેલાં,
આ ટગર ટગર જોતી,
ભોળીભટાક લાગતી
તમાકુડીને ઊંચકી ચૂમી
લીધી હતી.

ખોળામાંથી ઊતરી જ નહીં.
લાડ લડાવ્યાં એટલી
વધુ લાડકી થઈ.

હવે, મારાં આ ખોખાં-ફેફસાં,
પાંસળાં, અને ચચરતું ગળું.
ખોં, ખોં, ખોં ને ખોં જ ખોં.

બસ, ગમેતેમ કરી ઉતારી
તમાકુડીને નીચે, પટકી ભોંયે,
કહું છું : વંતરી, જા, વળગ
જેને વળગવું હોય એને.
ખોં, ખોં, ખોં.

કંઈ ન સાંભળતી,
વહાલ માટે વલખતી
નિત્યશિશુ તમાકુડી મારા
રોમરોમને વળગી કરગરતી રહે છે.
એને કઈ રીતે તેડી લઉં?
શીદને વહાલ કરું વેરણને?
ખોં, ખોં, ખોં.

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

## નકશાની વાત

'નકશામાં નદીઓ અને
પહાડો હોય છે,
ખારાપાટ અને
રણો હોય છે,
દિવસે પણ જ્યાં કંઈ
ન સૂઝે એવાં ગાઢ
જંગલો હોય છે,
ઉચ્ચપ્રદેશો અને
મેદાનો હોય છે,
મહાસાગરો, ટાપુઓ,
અખાતો અને ભૂશિરો હોય છે;
અક્ષાંશ-રેખાંશ,
ધ્રુવ-પ્રદેશો, સમશીતોષ્ણ કટિબંધો
અને ઉષ્ણ કટિબંધ હોય છે.'

હું આટલું લખી
રહ્યો ત્યારે,
મારા મિત્રે કહ્યું :
'નકશા'ની જગ્યાએ
'નારીદેહ' મૂકી જો.
જાદુ થઈ જશે.

મેં કહ્યું : બેવકૂફ! ધીમે બોલ.
દીવાલોને પણ કાન હોય છે.
આપણે લિંગમુક્ત સમાજની
દિશામાં અગ્રસર છીએ.

મિત્રે મારા કાનમાં કહ્યું :
ભલે. કાગળ ઉપર ન લખતો.
બસ, રાતના અંધારામાં
ઓશીકા પર
માથું ટેકવે ત્યારે,
તું 'નકશા'ની જગ્યાએ,
ઘડીભર માટે,
'નારીદેહ'ને મૂકી જોજે.

યથા : 'નારીદેહમાં નદીઓ
અને પહાડો હોય છે,
ખારાપાટ અને
રણો હોય છે,
... ... ...
અને ઉષ્ણ કટિબંધ હોય છે.'

ફરી કહું છું,
જાદુ થઈ જશે.

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

## મનમાં ગાંઠ વાળો

કાચી વયે દાદીમાએ
કહ્યું હતું : ‘બેટા, મનમાં
ગાંઠ વાળ, કે....’

પછી તો બા-બાપુજી,
નાના-નાની, મામા-માસી,
કાકા-કાકી, પડોશીઓ,
મિત્રો, પરિચિતો,
જ્ઞાનીઓ, સહુ કહેતા
ગયા : ‘મનમાં ગાંઠ
વાળો, તો કામો પાર પડશે.
આગળ વધશો. સુખી થશો.’

હું વર્ષાનુવર્ષ મનમાં
ગાંઠો વાળતો રહ્યો.

આજે જોઉં છું તો
તમારા, મારા, આપણા
સહુના મનમાં
ગાંઠો જ ગાંઠો છે....

કોઈ કામ પાર નથી પડતું.
તસુય ખસી નથી શકાતું.

ના, હવે કામો પાર
નથી પાડવાં,
આગળ નથી વધવું,
સુખી પણ નથી થવું.

નવરા બેઠા
અમસ્તું
જરાક મથી જોઉં,
એકાદ ગાંઠ
ખૂલતી હોય તો....

*ઉદ્દેશ, જુલાઇ, ૨૦૦૯*

## પાનખર સોહામણી

રહી રહીને આ
કાયા કૉળે છે.

જાણે પાનખરમાં કોઈ
રડ્યુંખડ્યું ફૂલ ખીલ્યું.

હું નીરખું :
એક ફૂલડે
પાનખર સોહામણી

*ઉદ્દેશ, ઑગસ્ટ, ૨૦૧૦*

# કાલગ્રસ્ત

મેં મૈત્રીને એના ઉત્તમોત્તમ
કાળમાં જ અટકાવી દેવાનો
પ્રયત્ન કર્યો.

હું મૈત્રીને એક એવા લોભામણા,
નિર્મળ સ્ફટિકમાં પડતી
જોવા માગતો હતો,
જે જરાતરા ઉજાસના
અણસારે સ્મૃતિઓનાં
સતરંગી મેઘધનુષ્યો
ફેંકી શકે.

હવે એ ઠંડા, કઠણ
સ્ફટિકને ફેંકી દઈ
જૂની, બગડી પણ શકે
તેવી, માનવીય મૈત્રી
મેળવવા મન તરસે છે.

*નિરીક્ષક, ૧૯/૫/૧૯૭૪*

## મનને ખીજડિયે

હોઠ હલે, શબ્દ સરે,
મન હળવું થાય.

હાથ હલે, વસ્ત્ર ઊતરે,
તન કૉળી ઊઠે.

પણ, કપરું આ છેક.

બાળપણમાં કશુંય બેધડક
બોલી નખાતું,
વાત-વાતે હળવા થવાતું.
જરીકમાં ફટાક્ દઈ
નાગા થવાતું,
હવા-પાણીથી તરબતર થવાતું.

સ્વજન-સ્નેહીએ
સતત મારી, ડારી,
શાણપણ ને શરમના
બબ્બે ખીલા ધરબી દીધા
મનને ખીજડિયે.

જકડી દીધો તરલ તરતો,
ચોમેર ફરતો, જીવ આખ્ખો.
કોણ ખેંચી કાઢે
મનને કષ્ટતા ખીલા,
ને છોડી મૂકે જીવને
ફરી ઉન્મુક્ત ભમવા?

*ગ્રંથવિમર્શ, નવેમ્બર, ૨૦૦૧*

## ઝબલું

મારી બા પાસે
માંડ છ-આઠ આંગળનું
હોય એવું
ટચૂકડું ઝબલું છે.
સંભારણું છે કે
બાલ્યકાળે હું
સાંગોપાંગ એમાં
સમાઈ દીપી ઊઠતો.

મારાં જૂનાં કાવ્યો
એ ઝબલા જેવાં છે.
કવિ-શિશુ
હું અતીતમાં
એ ટચૂકડાં કાવ્યોમાં
અંગપ્રત્યંગે સમાઈ
કેવો દીપી ઊઠતો હોઈશ!

*નવનીત સમર્પણ, ઑગસ્ટ, ૨૦૦૧*

## હવે ક્ષિતિજો નથી

બહુમાળી ઇમારતોએ
ઘેરી લીધું છે
મારા ઘરને.
ખૂંચવી લીધી છે
મારી ક્ષિતિજોને.

ઊગમણે દેખાતી
ધુમ્મસિયા પહાડોની હારમાળા
અને આથમણે સુદૂર
જુહૂના દરિયાની
તડકામાં પારાની જેમ
ચમકતી ઝીણકુડી પટ્ટી
ઓઝલ થઈ ગઈ છે.

ચોમેર નજરે પડે છે.
કીડિયારાં જેવાં
ઘરોમાં રહેતા માણસો.

લોકો કહે છે,
આ પ્રગતિ છે.

દૂર સુધી નજર
દોડે અને વહાલી
લાગતી ક્ષિતિજો દેખાય
– એવું નહીં.
પ્રગતિ એવી હોય કદી?

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

## એક જમાનો હતો

એક જમાનો એવો હતો
કે હું ધારું તો
પગ પછાડી જમીનમાંથી
પાણી કાઢી શકું.
જોકે મેં એવું
કદી ન કર્યું.

હવે ઘણું ધારું છું,
પણ આ અકડાયેલો પગ
પછડાવા માટે
જમીન પરથી
ઊંચકાતો જ નથી.

*પરબ, જુલાઇ, ૨૦૦૯*

## વંટોળિયાને

હે વંટોળિયા, તું આવ,
નહીં તો
સમુદ્રને તળિયે ઠરેલ રેતી
ખડકો થઈ જશે;
નહીં તો આ વૃક્ષ પરનું
પાકું લચતું ફળ ત્યાં ને ત્યાં જ
સડી જશે;
નહીં તો શેષ સ્મૃતિ
કાયમ રહી જશે;
હે વંટોળિયા, તું આવ,
નહીં તો
આ આયુની વણજાર ચાલ્યા કરશે,
વિના પ્રયોજને.

*વિશ્વમાનવ, જૂન ૧૯૭૧*

## વિગત

બાળપણમાં શેતૂરનું એક
ઝાડ હતું.
ચોર-બદમાશની ગાળો
સાંભળતાં સાંભળતાં હું
શેતૂર ખાઈ જતો.

યુવાનીમાં પણ શેતૂરનું એક
ઝાડ હતું.
મને યાદ કરતાં કરતાં
કોઈ એકાદ પાકું શેતૂર
ખાઈ જતું.

હવે આ વિશાળ ધરતી
પર, યાદદાસ્ત સિવાય
બીજે ક્યાંય શેતૂરનું ઝાડ
ઊગતું નથી.

*નિરીક્ષક, ૨૮/૪/૧૯૭૪*

## થોડી જ વારમાં

આ ઘૂવડના વહાણ પર બેસી
હું ઊડું.
રસ્તે સરીસૃપ આવે.
સફરજનની વાડી.
ત્રિકોણમાંથી ઊઠે રંગોના બુદ્‌બુદ્‌.
કાળું એક ત્રિકોણ ખોવાતું જાય.
રેતશીશીની રેતી ખરતી
નીચે
પડે.
વચમાં ખડકાયો બીકનો કાળો
મસ મોટો પહાડ.
સુંદર નમણી પરી(ઓ) ક્યારે
મળશે?
હવે થોડી જ વારમાં
સવાર પડી જશે!

*નિરીક્ષક, ૧૦/૧/૧૯૭૧*

# અકથ્યનું કાલું

અકથ્યનું કાલું ફોલતાં
હાથ લાગે છે
પોચું, ગોરું, સુંવાળું રૂ.
જાણે
રાતના આકાશમાં વાદળ
અને
મારા મનમાં કાવ્ય.

*નવનીત સમર્પણ, ઑગસ્ટ ૨૦૦૧*

## ફળ અને શાકભાજી

આછી લીલી, કૂણી
દૂધી દેખાય છે.
હાથમાં લઉં છું.
નખ મારું છું.
ચમકી જાઉં છું.

પોતાને કહું છું :
ના, એ કેવળ દૂધી છે.
બસ, કેટલી કૂણી છે
એ જોતો હતો.

મોટાં, કેસરી સંતરાં છે.
હથેળીમાં લઈ સહેજ
ઉછાળું છું.
હથેળી, આંગળીઓ વડે
નજાકતથી દબાવું છું.
સભાન થઈ ઊઠું છું.

પોતાને કહું છું :
બીજી કોઈ વાત નથી.
સંતરાં સૂકાં ને પોચાં
તો નથી એટલું જ
જોતો હતો.

ચમકતાં, પીળાં લીંબુ
તરફ વળું છું.
આંગળી, અંગૂઠાથી ફેરવી, દબાવી
જોઉં છું. મૂકું છું.
બીજું, ત્રીજું, ચોથું લઈ
જોઉં છું.
આ શું ચાલે છે?

પોતાને કહું છું :
લીંબુ પાતળી છાલનાં,
કાગઝી ને રસીલાં
છે કે નહીં
એ જાણવાની આ જ
તો રીત છે.

લીલું નાળિયેર
ઊંચકતાં બેઉ હાથ
ભરપૂર થઈ જાય છે.
એક હાથની આંગળીથી
ટકોરા મારું છું.
આંગળી તરલ ધ્વનિથી
ઝંકૃત થાય છે.

નાળિયેરવાળો છોલી,
સ્ટ્રૉ મૂકી મને આપે છે.
ચૂસકી લઉં છું.
રસને જીભ ઉપર
મમળાવું છું.

પોતાને કહું છું :
મારા હાથમાં
બીજું કંઈ નથી!
ફક્ત રસપૂર્ણ નાળિયેર છે.

ફળ અને શાકભાજી
ખરીદતાં તમને પણ
આવું થાય છે?

*નવનીત સમર્પણ, ઑક્ટોબર ૨૦૦૨*

## ગાજર-મૂળા

રાતાં, જાણે ટમટમતાં,
પુષ્ટ, લાંબાં ગાજર
અને
લીલાંકચ્ચ પાનવાળા,
ધોળા, જાણે ચમકતા,
ખડતલ મૂળાને
હાથમાં લઈ, દબાવી,
તોળી, નખ મારી
પરખવાની જરૂર નથી.
બસ, જોતાંવેંત ગમી જાય,
તો દામ ચૂકવી
ઘરે લઈ જવાનાં.

*શૈલી, એપ્રિલ, ૨૦૦૧*

## શબરીનાં બોર અને રામનું દુઃખ

શબરીએ બોર ચાખ્યાં,
તો ભલે ચાખ્યાં.

રામનું દુઃખ હું સમજું છું.

ભગવાન બનવું હોય,
તો ખાટાં બોર
ખાવાની જબરદસ્ત મજા
ધરાર જતી કરવી પડે.

*શૈલી, એપ્રિલ, ૨૦૦૧*

## ઘરડા ભીંડા

ઘરડા ભીંડા
મોટા અને બીથી
ફાટફાટ થતા હોય છે.
છોડ ઉપર રહી જાય,
તો સુકાઈને
નક્કી ફાટે છે.

ઘરડા ભીંડાના શાકમાં
લહેજત નથી આવતી.

પણ, શિખાઉ બકાલું
લેનારો મોટું કદ
જોઈ હરખાય છે.
કૂણા ભીંડાની તાજપને
એ કઈ રીતે વરતે?

સભ્ય સમાજમાં
ભીંડા અને સાહિત્યકારોની
સરખામણી નથી થતી.

તથાપિ, આ અળવીતરું મન
ભીંડામાં સાહિત્યકારને
જુએ છે.

*કવિલોક, મે-જૂન, ૨૦૦૯*

## કવિ-બકાલને

પા કિલો ગુવારશીંગ
જોખતા હોવ તેમ
તમે શબ્દોને જોખો છો.
એમાં પાછી દાંડી મારો છો,
આંકડી ચડાવો છો,
બસો ગ્રામના કાટલા સાથે
પચાસ ગ્રામની અવેજીમાં
પથ્થર મૂકો છો,
અને કહો છો :
પચાસ ગ્રામ કરતાં
વધારે છે.

ભાઈ બકાલ,
પેલા ઝવેરીને જુઓ.
એની પાસે નાની,
નમણી ત્રાજૂડી છે.
એ વાલ ને રતીમાં તોળે છે.

જોખવા અને તોળવાનો
ફેર સમજો છો?
નથી સમજતા?

કવિ-બકાલ,
વાંધો નહીં,
તમતમારે પા-પા કિલો
ગુવારશીંગ જોખતા રહો.

*પરબ, સપ્ટેમ્બર ૨૦૦૧*

## કાગળની ઇચ્છા

કોરો કાગળ
ખરડાવા માગે છે શાહીથી.
બાકી, મને શું
પડી હોય કવિતા લખવાની?

*કવિલોક, મે-જૂન, ૨૦૦૯*

## કવિતામાં ચાલે?

જોયા વિના જો રણની વાત કરો,
તો કવિતામાં ચાલે.
ભાળ્યા વિનાય મૃગજળની વાત કરો,
તો કવિતામાં ચાલે.

દાહકરમ કરતાં કરતાં દફન-કબરની વાત કરો,
તો કવિતામાં ચાલે.
પૂજો-અર્ચો મૂર્તિ, પણ અલ્લાની વાત કરો,
તો કવિતામાં ચાલે.

વાસમાત્રથી છો થથરતા, મદિરાના મદની વાત કરો,
તો કવિતામાં ચાલે.
મોઢેથી બોલ ન ફૂટે કિંચિત્, પ્રેમિકાની વાત કરો,
તો કવિતામાં ચાલે.

વનને વગડો સમજી એવું બબડો,
તો કવિતામાં ચાલે.
નવકવિતાનાં ડિમડિમ પીટી, દેવ-દેવીનાં સ્તોત્ર રચો,
તો કવિતામાં ચાલે.

છો જાત ન જાગી, જગને જગાડવાના ડોળ કરો,
તો કવિતામાં ચાલે.
જડ હાથ ને મૂંગી વાણી, તદપિ લેખણીની વાત કરો,
તો કવિતામાં ચાલે.

જોયા વિનાય નદી, ઝરણ કે દરિયાની વાત કરો,
તો કવિતામાં ચાલે.
વણદેખ્યા લાવાની ધગધગતી લ્હાણ કરો,
તો કવિતામાં ચાલે.

ઠાલું ઠામ અનુભવનું, પાછું, અમથું ઠલવો,
તો કવિતામાં ચાલે?

*નવનીત સમર્પણ, ઑગસ્ટ ૨૦૦૧*

## છતાં, તમે કવિતા લખશો?

હિંમત હોય તો
છડેચોક લોકો સામે
ઊભા રહી
અંગ પરનું
એકેએક કપડું
ઉતારી નાખો.

કોઈ મશ્કરી કરે,
ગાળો દે,
ઉપદેશ આપે,
કે માર મારીને
ખોખરા કરી નાખે,
કદાચ.

એ પછીય હિંમત ને
હોશકોશ બચ્યાં હોય,
તો, ચોખ્ખા અવાજે
કહી દો સહુને :

‘આ તો શરૂઆત છે.’
ને પછી ઊતરડી ફેંકો
ડિલ ઉપરની ચામડી.

ત્યારે એવું બને,
કે લોકો તમને
પાગલખાનામાં દાખલ
કરાવે અથવા
આપઘાતના ગુના સબબ
જેલમાં પુરાવે.

એટલા પછીય હિંમત ને
સૂધબૂધ અકબંધ
હોય તો કહો :

'ખરું કરવાનું તો
હવે આવે છે.
જાતને નાગી કરવાની છે.
ઉઘાડી પાડવાની છે.

'કબૂલવાનું છે કે
કુંવારી કે પરણેલી,
પોતાની કે પારકી,
સંભ્રાંત કે ધંધાદારી,
જે ન મળી,
તેની સાથે મનોમન
ને મળી તેની સાથે
તનોતન, વિલાસ કર્યો છે.

'પારકાનું સારું જોઈ દાઝ્યો
પણ મોઢે કહ્યું, કે
પારકાનું સુખ જોઈ
આંખ ઠરે છે.

'મા-બાપ, ભાઈ-બહેનોને
હાંકી કાઢ્યાં ને
રહેવાના ઘર પર
કબજો જમાવ્યો.

'ભાગીદારનું સહિયારું
હતું એને
સાવ પોતીકું કર્યું.

'અને એવું તો
કંઈ કેટલુંય.'

ના, ના, આમાં પાપો
કબૂલવાની વાત નથી.
વાત કેવળ
તમે જે છો,
તે કબૂલવાની છે.

પરંતુ આમાંનું કશુંય
કરવાની તમારી
હિંમત ચાલે
તેમ નથી.

છતાં, તમે કવિતા લખશો.
શું કામ, ભલા ભાઈ?

*પરબ, નવેમ્બર ૨૦૦૨*

## 'અસલ' કાવ્યપાક

સામગ્રી : બોરસલીના ફૂલની
તોલો એક સુગંધ, મીણબત્તીનો
પ્રકાશ બે રતી, ઈસુખ્રિસ્તના
લોહીની 'ઇમેજ' ત્રણ માશા,
વાટેલા સમુદ્રનો અવાજ (રવ)
જોઈએ તેટલા પ્રમાણમાં,
બે ચમચી પ્રેમનો રસ.

બધું ઘણી છેકાછેક પછી
જ્યારે છંદબદ્ધ
થાય ત્યારે ધીમા અને
માંદલા અવાજે 'હૉલ'માં
વાંચવું.

આજે જ કરી જુઓ.
અસર ઘણી જ અણધારી
થશે.

*અભિવ્યક્તિ, ફેબ્રુઆરી, ૧૯૭૧*

## શબ્દ-પ્રપંચ

ગઈકાલ સુધી
બિચારો, બાપડો શબ્દ હતો વ્યાકરણની કેદમાં.
કિંતુ : શું જાણે વ્યાકરણી?
વસ્તુને શું જાણે વ્યાકરણી?
મુખપર્યંત ભર્યું ઘૃત, તદપિ સ્વાદ ન જાણે બરણી!

આજે આપણે
એને આઝાદ કર્યો ને
કવિતાનાં ઉદ્યાનોમાં શબ્દે શબ્દે ફૂલ ખિલાવ્યાં,
શબ્દોના સજધજ વાઘા પહેર્યા,
શબ્દોને સિંહાસન બેઠા,
શબ્દોની આતશબાજી ખેલી,
ઋણં કૃત્વા ઘૃતં પિબેત્ –
આચાર-વિચાર ને સંબંધોનાં દેવાં કીધાં,
માથે દાબી દાબી શબ્દોનાં ઘી પીધાં.
રામ અમલમાં રાતામાતા થઈને
શબ્દ પર બળાત્કાર કીધા,
શબ્દોની કત્લેઆમ ચલાવી,
શબ્દોને હીરાની ઘંટીએ ઘસાય તેટલા ઘસ્યા,
ચવાય તેટલા કાચાપાકા શબ્દોને ચાવ્યા.
પછી આળસ મરડી, હોઠ કરડી, ઓડકાર ખાઈ
કહ્યું : શબ્દો ટોલા છે, શબ્દો પોલા છે,
શબ્દો ગોલા છે...
શબ્દો ચવાઈ ગયા છે, હવાઈ ગયા છે,
ઘસાઈ ગયા છે, વસાઈ ગયા છે.

પણ, જો કાલે
શબ્દ મરી જાય તો,
એને ગાડી દઈશું, બાળી નાખશું,
એની તિથિ ઉજવશું, શ્રાદ્ધ ઉજવશું.
પણ, એને એમ નહીં મૂકીએ.
કેમ અવતર્યો એ થઈ સાત પૂંછડિયો ઉંદર, સુંદર!
એક પૂંછડિયો કે બાંડો
એ રહેવાનો સદાય ગાંડો, ગાંડો.
કર્મનાં ફળ ભોગવ્યા વિના છે કોઈનોય છુટકારો?
– તો, શબ્દ તે કોણ માત્ર?

## કાગળની હોડી

કાગળની હોડી બનાવી
હું તરતી મૂકું છું,
ગટરમાં નહીં,
ખાબોચિયાં, નદી-નાળાં,
સરવર-સમંદરમાં પણ નહીં.

કાગળની નાની, નાજુક હોડીને
હું રમતી મૂકું છું
સ્યાહીના મહાસાગરમાં.

કદીક એ ઊંધી
પડી જાય છે.
હોડીમાં બેઠેલા શબ્દો
ઊથલીને મહાસાગરમાં
પડે છે.
ડૂબી જાય છે.

કદીક હોડી સ્યાહીમાં
પલળીને ફાટી જાય છે.

કદીક તમે મારી
કાગળની હોડીમાં બેસી
સ્યાહીના મહાસાગરની
અવર્ણનીય સુંદરતાને
માણો છો.

કદીક કોઈ ટાપુ ઉપર
રહી તમે
મારી કાગળની હોડીને
જોઈ - ન જોઈ કરો છો.

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

# પ્રતિસાદ

શબ્દો નાનાં બાળકો જેવા નથી
કે મારે એમને ફોસલાવવા પડે
કે ધમકાવવા પડે;
ન તેઓ મારા દુશ્મનો જેવા છે
કે મારે એમની સાથે લડવું પડે;
તેઓ કળણમાં ખૂંપતા
વટેમાર્ગુઓ જેવા પણ નથી
કે મારે એમને બહાર ખેંચી કાઢવા
મથામણ કરવી પડે.

વસ્તુતઃ તેઓ મારા
એ સરળ દેશવાસીઓ જેવા છે,
જેમને હું કોઈ ઘર, શેરી કે
ઠેકાણા વિશે પૂછું
ત્યારે તેઓ તદ્દન ભાર વિના
મને અભિપ્રેત
રસ્તો બતાવી દે છે.

*પરબ, ડિસેમ્બર, ૧૯૮૩*

## કોઈ એવું કાવ્ય

મારાં કંઈ કેટલાંય
કાવ્યોનાં હાડપિંજર રઝળે છે
મારી ચોપાસ.

અહીં સન્નાટો છે
ને હું એકલો.

અવગતિયાં કાવ્યોની ભૂતાવળ
ભમતી રહે છે.

મન ગભરાય છે,
મતિ મૂંઝાય છે.

છતાં, અડગ આસન વાળી
બેસવું છે અહીં જ,
અઘોરી જેમ.

એ આશાએ,
કે કદી કોઈ એવું કાવ્ય
પહેલાં દેહ ધરશે,
પછી પ્રાણ ધરશે,
જે મને કાવ્યોનાં
હાડપિંજર અને ભૂતાવળના
ભયથી મુક્ત કરશે.

અડગ, અઘોરી આસન
છોડી વિચરીશ
ત્યારે અમિત જગમાં.

*શૈલી, જાન્યુઆરી, ૨૦૦૧*

## એક 'ખડક છાપ' કાવ્ય

જ્યારે ખડકો સમુદ્રમાં ખસે છે
ત્યારે તેઓ હોડીઓ છે;
હોડીઓ અને ખડકો પાણીને
આત્મસાત્ કરે છે અને તેઓ
લડાઈ કરે છે.
ખડકો પરના નાગાપૂગા છોકરા
બધા જ ઈવ વગરના આદમ છે.
ફીણમાં પડેલા ખડકો ગામડાના
કોઈ તળાવમાં પડેલી ભેંસો જેવા છે.
અને તેઓ પંખીઓ છે.

*નિરીક્ષક, ૧૩/૬/૧૯૭૧*

## એક 'મેઘધનુષ્ય' છાપ કાવ્ય

અરીસામાંથી મેઘધનુષ્યને
બહાર કાઢી પંખા પર
બાંધી ફેરવ્યું.
સામેના ટેબલ પર
પડેલાં લાલ-જામલી ફૂલો,
અને જાડી આશાએ પહેરેલી
ભૂરી સાડી એમાંથી જ
બન્યાં.

પણ બધું એટલું
ઝડપથી બન્યું કે
કવિના મગજનો પેચ
ઢીલો પડી ગયો.
લથડીને કવિ કમળ લેવા
જતાં વમળમાં ડૂબી
કમોતે (કૂતરાના મોતે – અહીંયાં
બંધ નહીં બેસે) મરી ગયો.

*અભિવ્યક્તિ, નવેમ્બર ૧૯૭૦*

## એક 'ચંદ્ર' છાપ કાવ્ય

કદાચ, પોચો ચાંદો એક, બૌદ્ધ સાધુ કદી ન વાપરતા એવું, ગાદલું છે.
કદાચ, મારો ચાંદો હું હૉસ્પિટલમાં લેતો એ ટીકડી છે.

કદાચ, ચળકતો એ, કોઈ છોકરીના બ્લાઉઝ પરનું શો-બટન છે.
કદાચ, ઝગારા મારતો ચાંદો એ નાગમણિ છે.
કદાચ, ફિક્કો એ શીળીની પાકી ગયેલી ફોલ્લી છે.
કદાચ, ચાંદો પ્રેમની 'બ્લૅક ઍન્ડ વ્હાઇટ પ્રિન્ટ' છે.

કદાચ, મીઠ્ઠો એ, તૂટેલું રસગુલ્લું છે.
કદાચ, સચેત ચાંદો, મારી ઊંઘમાંથી સ્વપ્નના વેશમાં કોઈ કેદી
ભાગી ન છૂટે એ માટે ગોઠવેલી બત્તી છે.

કદાચ, ચીકણો એ, મરેલા કાચબાની ચરબીનો પિંડો છે.
કદાચ, કાવ્ય-જનક ચાંદો, રાતરાણીનો ક્યારો છે.
કદાચ, રતૂમડો એ, કૂતરાઓએ ફાડી નાખેલ ખરાબ કિડની છે.
કદાચ, પાતળો લીસો ચાંદો, સૈન્યો ઊભાં કરી, લડાવી, લોહી
વહેવડાવી દે એવો નગારાનો પડદો છે.

કદાચ, ઝીણો-ધાર એ, સૂરજનું ક્યારેક દેખાઈ જતું સફેદ મૂળ છે.
કદાચ, આપણો ચાંદો, ડામરની, મૂતરડીમાં રહી ગયેલ, એકની એક,
ગંધાતી, ગોળી છે.

કદાચ, ગોળ એ, રામદશરથ રઘુને રમવાનો દડો છે.
કદાચ, અમૂલો ચાંદો, માછલીના પેટમાં રહેલું મોતી છે.
કદાચ, ઢોળાતો એ, 'ફેસ પાઉડર'ની ખુલ્લી ડબ્બી છે.
કદાચ, ચાંદો હાથીદાંતનું કંકણ છે.

કદાચ, દિવસે એ સૂઈ જાય છે.
કદાચ, ક્યારેક રાતે પણ (ચાંદાનો પત્તો નથી લાગતો).

*નવનીત (ગુજરાતી ડાયજેસ્ટ)*

## એક 'ભીલ' છાપ કાવ્ય

ખરબચડા, કાબરચીતરા,
વાંકાચૂકા, ઊંચાનીચા,
મેલાઘેલા, પહાડો પર
કાળાકાળા લીસાલીસા
મીઠુંમીઠું હસતા ભીલ.

કાળી કઠણ જમીનમાં
કબૂતરનાં ઈંડાં દાટતા (ઢબૂરી દેતા)
ભીલ જુવાર લણ્યા પછી
પણ
કાળાં પોચાં (કાવ્યમય લાગશે)
વાદળોથી ડરે છે,
એમને યાદ રાખે છે.
તેઓ મહાન અને
Scheduled Tribe ના છે.

*અભિવ્યક્તિ, નવેમ્બર ૧૯૭૦*

## એક 'કટલેટ' છાપ કાવ્ય

કામવાસનાના સાર જેવું,
રક્તસ્રાવના લાલ રંગ જેવું,
ગ્લાનિની થીજી ગયેલી ગાઢાશ
જેવું ટમાટો કેચપ
બટેટા, બસ બટેટા જ
બટેટાના ભંડાર જેવી
કટલેટ પર પાથરી,
નાકમાં નથડી
પહેરીને બેઠેલી ગોરી,
ઘાટીલી, બટેટામય, ચીબાવલી
છોકરી સામે ટગર ટગર
જોતાં, ખાઈ જવું ઠંડીમાં
ટી ટેરેસમાં બેઠાં બેઠાં,
મણીપુરી શીખનારાઓના
તાલઠેકાના સંભળાતા
અવાજો વચ્ચે.

*જનશક્તિ, ૧૧/૪/૧૯૭૧*

## એક 'પોપટ' છાપ કાવ્ય

લીમડાના ઝાડ પર
પોપટ બેઠો છે.
પોપટ ખાવાના
કામમાં આવે છે.
લીમડો શિશિરમાં
મીઠું ગાય છે.
આકાશમાં ઊડતાં
ઊડતાં પોપટ
ખડક પર પડીને
મરી જાય છે.
એની પર ખારું
પાણી છાંટી
સફેદ વાળવાળા બુઢ્ઢાઓ
રંગીન પતંગિયાં
બનાવીને ભૂરા આકાશમાં
ઉડાવે છે.

*અભિવ્યક્તિ, નવેમ્બર ૧૯૭૦*

# પોપટ આંબાની ડાળ

પોપટ માર્યો ગયો છે,
વધારે પડતા ક્લોરોફૉર્મથી.
એ ટેબલ પર પડ્યો છે.

મેં એને પૂછ્યું : અહીં
પાંજરામાં થોડી વાર પહેલાં
જે પોપટ ગુલાંટો મારતો
હતો તે ક્યાં છે?

એણે કહ્યું : આ એ જ છે.
એને ભૂસું ભરીને મ્યૂઝીઅમમાં
રાખશું.

*સમર્પણ, નવેમ્બર ૫, ૧૯૭૨*

## ચામડીને સપનું આવ્યું

ચામડીને બગાસું આવે છે.
ચામડીને ઘેન ચડે છે.
ચામડી ઊંઘી જાય છે.

ચામડીને સપનું આવે છે :
ચામડી ભૂખી નથી,
ચામડી તરસી નથી;
ચામડી આંબાની ડાળ,
ચામડી સરોવરની પાળ;
બેઠી મજા કરે,
બહુ મજા કરે.

જોકે ચામડીને રોજરોજ
સારાં સપનાં આવે
એવું કંઈ નથી.

*સન્ધિ, જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૯*

## ચીંથરે વીંટ્યું રતન

ગજબની વાત છે.

કહેનારે કહી.
આપણે સાંભળી.
સાંભળી તો સાંભળી,
સાચીય માની લીધી.

કેવો હશે એ કંગાળ,
ન જેને માથે પાઘડી,
ન ડિલે અંગરખું,
ન ખભે ખેસ,
ન કેડે ધોતિયું –
છે હાથમાં માંડ
એક ચીથરું,
જેમાં વીંટે છે રતન!

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

## પાતાળ-પ્રવેશ

મેં બારણાં ભીડ્યાં. બહાર એક સફેદ આકાર તરફડિયાં મારતો રહી ગયો. હાશ... એ આકાર ચોરનો, ભૂતનો, ખૂનીનો હશે. એ મને આમ તો દેખાયો ન હતો. પણ, દરવાજો બંધ થતાં એવું લાગ્યું હતું.

બહાર ધોધમાર વરસાદ, પતરા પર પડે છે. બાકી, માણસોનો કે એવો કોઈ અવાજ સંભળાતો નથી. ઓરડાની દીવાલો અને બારીના સળિયા કબર જેવાં, કેદખાના જેવાં લાગે છે. ભાડું ચૂકવવાનું છે; ખાવાના પણ પૈસા નથી. ઘોર-ઘોર ગરીબી છે.

આકાશના એક છેડાથી બીજા છેડા સુધી કોઈ પંખી જઈ શકે? દરિયાના એક કિનારાથી બીજા કિનારા સુધી કોઈ માછલી તરી શકે?

આ સંઘર્ષમાં જ દટાઈ મરાશે. કોઈ ઉકેલ નથી મળતો. આંખો બિડાય છે. હાશ... એક સફેદ આકાર બહાર રહી ગયો છે.

*ચમક, ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૭૩*

# દરિયો : એક દંતકથા

જો ચંદ્રને કળા કરવાની ટેવ ન હોત, તો દરિયાનાં મોજાં ન બની શક્યાં હોત. ને કપાસનાં જીંડવાંને ફાટવાની ટેવ ન હોત, તો મોજાંનું ફીણ ન બની શક્યું હોત. ને રાતને કાળો બુરખો ઓઢવાની ટેવ ન હોત, તો દરિયાકિનારાના ખડકો ન બની શક્યા હોત. ને સિંહને ગર્જવાની ટેવ ન હોત, તો દરિયાને કંઠ ન મળી શક્યો હોત. ને વૃક્ષોને ડોલવાની ટેવ ન હોત, તો મોજાંનું પારણું ન બની શક્યું હોત. ને આંસુને સરવાની ટેવ ન હોત, તો મોજાંમાંનું મીઠું ન બની શક્યું હોત. ને ફૂલોને પરાગ વેરવાની ટેવ ન હોત, તો દરિયાના પટ પરની રેતી ન બની શકી હોત. ને પતંગિયાને વસંતઋતુમાં નાચવાની ટેવ ન હોત, તો મોજાં વચ્ચેની માછલીઓનું તરવું ન બની શક્યું હોત. ને ફૂલોના પ્યાલાઓને ઝાકળનાં ટીપાં ભેગાં કરવાની ટેવ ન હોત. તો માછલીમાં મોતી ન બની શક્યું હોત; ને જો મહાકાળને દોડતા રહેવાની ટેવ ન હોત, તો મોજાં ઊછળ્યે જ ન રાખી શકત.

પણ, હે કથાકાર અને ભાવક, જો તમારી પાસે એક ધબકતું હૃદય ન હોત, તો કહો, આ વિશાળ દરિયામાં એક પણ મોજું ઊઠી શકત ખરું!

*સમર્પણ, ૨૭/૬/૧૯૭૬*

## વર્તમાન

વર્તમાનનો ભારે બોજ
પીઠ પર છે
અને તેથી જ
પગ બરાબર ઊપડે છે.

મોં આગળ લટકતા
ભવિષ્યના ગાજરની લાલચે
પગ ચપોચપ ઊપડે છે.

ચાલતાં ચાલતાં બોજ
ખસી જાય છે,
અને મોં આગળ
લટકતું ગાજર
પીઠ પાછળ તોળાતા
ડફણામાં ફેરવાતું લાગે છે.

બોજ ઠીક કરીને
ચાલવા માંડું છું.

પગ બરાબર ઊપડે છે.

*સમર્પણ, ૨/૧૧/૧૯૭૫*

# મૃત્યુને આહ્વાન

હે મૃત્યુ, તું આવ.
હું તારામાં ઓતપ્રોત થાઉં
અને તું મારામાં ઓતપ્રોત થા.
ત્યારે મારી અને જીવન વચ્ચે
એક સૂક્ષ્મ વિચ્છેદ થશે
અને એ સ્થૂળ વિચ્છેદ રૂપે પ્રત્યક્ષ થશે.
પણ,
આકાશમાં ઊડતું પક્ષી જેમ
ધરતીને જુએ છે તેમ
તારામાં રહેલો હું જીવનને જોઈશ.
અને હું જ્યારે ફરી જન્મીશ
ત્યારે જમીન પરના પોતાના
માળામાં માયામાં વીંટળાયેલું
પક્ષી જેમ આકાશ થવાની
કલ્પના કરે છે
તેમ હું તારામાં ઓતપ્રોત થવા ઝંખીશ.

*નિરીક્ષક, ૧૩/૬/૧૯૭૧*

## આત્મહત્યા

ઘોડા અને હાથીની સંયુક્ત
મશ્કરી કરતી ટૅન્ક પર ચડીને
હું યુદ્ધ નથી કરી શકતો.
મને શાંતિનો પાઠ શિખવાડવામાં આવ્યો છે.
સ્વરક્ષા ખાતર પણ
હું યુદ્ધ નથી કરી શકતો.
મને આત્મહત્યા કરતાં શિખવાડવામાં આવ્યું છે,
આત્મબલિદાન આપતાં નહીં.

*કૃ, માર્ચ, ૧૯૭૪*

## ચાંદું

આંતરડામાં પડેલા ચાંદામાં
પ્રેમની કડવાશ નથી,
યૌવનનો કેફ નથી,
દેશી દારૂ નથી,
વડીલોની ચેતવણીઓની
અવગણના પણ નથી,
નથી કોઈ પાપની સજા,
છે ખાલી સણકા મારતી વેદના.

*ટૅન્ટ્રમ, એપ્રિલ-મે, ૧૯૭૨*

## ચિયર્સ

મારો દુશ્મનરૂપી દોસ્ત મળ્યો.
એણે એક તેજસ્વી સુવર્ણકટારી
કાઢી મારા પેટમાં હુલાવી દીધી,
મારું આંતરડું બહાર ખેંચી કાઢ્યું
અને એના પર થોડોક
તેજાબ છાંટ્યો.

મેં કહ્યું : આ શું?

એણે કહ્યું : દોસ્ત....

અને મારા લોહીથી ખરડાયેલી એ જ
સુવર્ણકટારી પોતાના પેટમાં ભોંકી
એણે પોતાનું આંતરડું બહાર ખેંચી કાઢ્યું
અને એના પર થોડોક તેજાબ છાંટ્યો.

પછી કહ્યું : દોસ્ત, તારું એકલાપણું દૂર
કરવાનો આ એક પ્રયાસ છે.

કણસતાં અને સ્મિત કરતાં મેં કહ્યું :
આભાર!

*શ્વાસ, ફેબ્રુઆરી, ૧૯૭૫*

## દાદુર દટાઈ ગયા

મકાનોનાં ચોગાનોમાં
સિમેન્ટનાં લીંપણ છે.
રસ્તાઓ સિમેન્ટના છે.
ખાળ-નીકો પણ સિમેન્ટની છે.

આ સિમેન્ટના થપેડા
નીચે દટાયેલા દેડકા,
મેઘલી રાતે,
ત્રમ ત્રમ વરસતા વરસાદે,
ડરાઉં? ડરાઉં? – ના
સાદ નથી પાડતા.

દાદુર, મોર, બપૈયા વિનાની
ચોમાસાની આ રાતો
બહુ સૂમસામ લાગે છે.

*સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૮*

## ફૂલો : મોનો ઇમેજ

૧

અચલ ફૂલોને
દૂર દૂર સુધી ઊડવાનું
મન થયું.
એમની રંગબેરંગી,
નાજુક પાંખડીઓ ફફડી.
પાંખો વીંઝી
ફૂલો ઊડી ચાલ્યાં.

૨

અદૃશ્ય ફોરમને
રંગ-રૂપ ધરવાની
ઇચ્છા થઈ આવી.
ધરાઈ રૂપ ધર્યાં,
કમળ-કેવડો,
ગુલાબ-મોગરો,
ચંપો-ચમેલી...
ફોરમ બની અલબેલી.

૩

રાતના ડરામણા
અંધકારને
મોહક બનાવવા
વરસાવી મહેક
બની ગઈ એ રાતની રાણી.

૪

ટાઢમાં ઠૂંઠવાતા,
તાપમાં શેકાતા,
અફાટ રણના કાંટાળા
થોરને,
ભલે એકલા એકલા,
રૂપાળા દેખાવાના કોડ જાગ્યા.
એમને માથે ફૂટી
નીકળી લાલ, પીળી,
કેસરી કલગી!

૫

સ્વર્ણચમ્પક
સ્પર્શ કોમલ
રંગ મોહક
રૂપ વેધક
ગંધ માદક
મધુ મિષ્ટ તર્પક.

*મોનો ઇમેજ, માર્ચ ૨૦૦૪*

# તડકો : મોનો ઈમેજ

૧.

પાંચસોની કડકડતી
નોટ જેવો કડક
તાજો તડકો
કોઈની પાસે હોય
તો મને આપજો ને
જરા હાથમાં લઈ
જોવા માટે.

૨.

કાળાં ડિબાંગ વાદળ
અને અવિરત પડતા
વરસાદમાં
મારી બંધ આંખો
સામે તરવરે છે
ગલગોટો,
માટીમાંથી પાંગરેલો
સ્વયમ્ તડકો.

૩.

પ્રત્યંગે સૌષ્ઠવપૂર્ણ
વિશ્વસુંદરી જેવા
દેદીપ્યમાન તડકાને
જગમાં કોણ નથી ઝંખતું?

૪.

પેસતાં પેસી ગયો
મારામાં તડકો.
અંદર મૂંઝાય છે.
ખારું પાણી બની
ભાગી છૂટે છે
મારા રોમરોમમાંથી.

૫.

કદીક એવો હૂંફાળો
જાણે ઈંડું સેવતી પંખિણી.

*મોનો ઇમેજ, નવેમ્બર ૨૦૦૨*

## એક બાળરમત

ફૂલોનો એક બગીચો જોઈ
મને થયું : કાશ, હું એક પતંગિયું હોત!
ત્યાં એક સુંદર સ્ત્રી આવી.
મને થયું : કાશ, હું એક ફૂલ હોત!
એક તોફાની બાળક આવ્યું,
ફૂલને તોડવા લાગ્યું,
મને થયું : કાશ, હું કાળઝાળ
ભમરો હોત!
પણ,
અચાનક, રાતે બિડાતાં કમળોના ખ્યાલથી
હું ખૂબ ડરી ગયો.

*સંબંધ, જુલાઇ, ૧૯૭૩*

# દારૂનો પ્યાલો

મુશ્કેલીઓનાં ધાડાં આવતાં જોઈ
હું કાચીંડાની જેમ રંગ નથી બદલી
શકતો,
કાચબાની જેમ ઢાલ નીચે
ડોક નથી છુપાવી શકતો,
(અને તેથી) દારૂના પ્યાલામાં
ડૂબી મરું છું.

*મેલ્નકોલીઆ, મે, ૧૯૭૫*

## શરમ-ભરમ

નભની ઝીણી ચાદર નીચે
સૂર્ય, ચંદ્ર ને નક્ષત્રો નાગાં,
નદી, ઝરણ ને દરિયો નાગાં,
પહાડ, કરાડ ને કોતર નાગાં,
હાથી, હરણ ને સસલાં નાગાં,
કાબર, કોયલ ને પારેવાં નાગાં,
કૂત્તા, બિલ્લી, બંદર નાગાં,
સાપ, છછુંદર, વીંછી નાગાં,
મીન, મકર ને મેઢક નાગાં,
જૂઈ, મોગરા, ગલગોટા નાગાં,
નારંગી, ટેટી ને તડબૂચ નાગાં,
ગાજર, મૂળા, રીંગણ નાગાં,
નજર કરો ત્યાં સહુએ નાગાં.

શરમ-ભરમ બસ
માનવમનમાં,
તેથી, એવો એ
પહેરે વાઘા.

*ઉદ્દેશ, જાન્યુઆરી, ૨૦૧૧*

## કીડીઓ

રડીખડી કીડીઓ
જમીનની તિરાડમાંથી
બહાર આવે છે.
વેલના પુલ પરથી
પ્યાલાના પાણી પર
ઝૂકી ઝૂકી પીએ છે.
લપસે છે. ડૂબે છે.
પ્યાલાને તળિયે બેસે છે.

*ક્ષણિક, અંક : ૧*

## ભલે પધાર્યા

તાર-તાર જેવો,
સફરજન જેવડો
કરોળિયો.
મારા ઘરની સફેદ
દીવાલ
ફૂલોનો બાગ નથી.

*ક્ષણિક, અંક : ૧*

## વાણિયો

એક વાણિયાની પૂંછડીએ
દોરો બાંધી એને ઉડાડ્યું.
અરે મન,
આ દોરડાના વજન સાથે
તું કેટલે ઊંચે સુધી
ઊડી શકશે?

*ક્ષણિક, અંક : ૨*

## પતંગિયું

મારું રંગીન બુશ શર્ટ જોઈને
છોકરી સમજે છે : હું પતંગિયું છું.
હું સમજું છું એ એક
ગૉગલ્સવાળું ફૂલ છે.

*ક્ષણિક, અંક : ૨*

## ગોવાળની પ્રતિજ્ઞા : ઇમરજન્સી નિમિત્તે

રાજ ને પાટ છો બદલાય!
બે જણ નહીં બદલાય,
એક તું અને બીજો હું.
ને, તેથી જ, હે મારી
કવલી ગાય,
હું કાનો ગોવાળિયો
પ્રતિજ્ઞા કરું છું કે :
જીવું ત્યાં સુધી હું
સવારસાંજ તને અને
તારા વાછરડા ભૂરિયાને
ચારો નીરીશ ને પાણી પાઈશ.
ને, જો ધરતી વાંઝણી થાય,
ઇન્દ્ર રિસાય,
કે રાજા પાપી થાય,
તો તારાં અણિયાળાં શીંગડાંથી
તું મારું પેટ ચીરી નાખજે,
કારણ કે તારું દુઃખ
મારાથી નહીં જોવાય.

*રંગ, જૂન, ૧૯૭૭*

## તરવું છે?

વરસાદના પાણીનું
ઘર બનીને બેઠું છે માટીનું
એક ઠીકરું.

એ જળાશયમાંનું
પાણી ઝૂમી ઝૂમીને સૂરજને
કહે છે : આવી જા દોસ્ત,
તરતાં શિખવાડી દઉં!

*સમર્પણ, ઑક્ટોબર ૧૦, ૧૯૭૧*

# પરિશિષ્ટ : આસ્વાદ


| | | |
|---|---|---|
| શબ્દોના પ્રતિભાશાળી કીમિયાગર શ્રી. પવનકુમાર જૈન | સુધીર દેસાઈ | ૯૮ |
| બાબા પવનની એક કાવ્યગાડી! | રાધેશ્યામ શર્મા | ૧૦૨ |
| કાવ્યભાવન | રમણીક અગ્રાવત | ૧૦૪ |
| અનાડી વૈદ્યનો રામબાણ નુસખો | વેણીભાઈ પુરોહિત | ૧૦૬ |
| સમતુલાનો સનકારો | વેણીભાઈ પુરોહિત | ૧૦૮ |
| આધુનિક કવિતા : મનોવૈજ્ઞાનિક દષ્ટિએ | મધુ કોઠારી | ૧૧૦ |
| પ્રણાલિકા સામે પ્રતિરોષનું કાવ્ય | યશવંત ત્રિવેદી | ૧૧૧ |
| એક ‘મેઘ ધનુષ્ય’ છાપ કાવ્ય | ડૉ. પિનાકિન્ દવે | ૧૧૩ |
| કાગળના સિંહ... | વિનોદ ભટ્ટ | ૧૧૫ |
| કવિતામાં બધું જ ચાલે | નિર્મિશ ઠાકર | ૧૧૭ |
| કાગળની હોડીમાં સાહિત્યિક સફર | સતીશ વ્યાસ | ૧૧૯ |
| વિશ્વસુંદરી જેવા તડકાને તાકતી ‘એક કલ્પન’ કવિતા | રાધેશ્યામ શર્મા | ૧૨૧ |
| કાવ્યાસ્વાદ | નીતિન મહેતા | ૧૨૩ |

# શબ્દોના પ્રતિભાશાળી કીમિયાગર શ્રી. પવનકુમાર જૈન

## સુધીર દેસાઈ

*કાવ્યો : બાબાગાડી, તરવું છે?, એક બાળરમત, પોપટ આંબાની ડાળ*

કવિ એક કીમિયાગર છે. એને ખબર છે ક્યા ક્યા શબ્દોને કેવી રીતે ભેગા કરીએ તો વિસ્ફોટ થાય. આ વિસ્ફોટ એ જ કવિતા. અહીં કવિ બાબાગાડી શબ્દની જોડે જે શબ્દો મૂકે છે એ છે, 'બેઠો બેઠો હું મારી ઝીણી, પાંત્રીસ વર્ષની આંખો વડે.' 'બેઠો બેઠો હું મારી ઝીણી' સુધી તો બધુ સરળ ચાલે છે પણ જેવા, 'પાંત્રીસ વર્ષની આંખો વડે' શબ્દો આવ્યા કે તરત જ આપણા મનમાં વિસ્ફોટ થાય છે. બાબાગાડીમાં પાંત્રીસ વર્ષનો બાબો!

હવે આપણે એકદમ સજાગ થઈ જઈએ છીએ. હવે પછી શરૂઆતની પંક્તિ ઉપર પાછી નજર ફેરવીએ છીએ. પંક્તિ છે, 'એમના લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો પહેરીને' એ લગ્નનાં પાંત્રીસ વર્ષ પછી પણ જો લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો પહેરવા પડે ફરવા જતી વખતે તો એનો અર્થ પણ સ્પષ્ટ છે કે આર્થિક પરિસ્થિતિ સારી નથી. એટલે મને ઉદ્વિગ્ન રહે એ સ્વાભાવિક છે.

કેટલાંય એવાં કુટુંબો જોવા મળશે જ્યાં બાળકને કંઈ કરવા જ નથી દેવામાં આવતું. એનાં મા-બાપ કે નોકર-ચાકર જ એનું કામ કરી આપતા હોય છે. એને પરિણામે બાળક પરવશ થઈ જાય છે. એ પાણિયારે જઈને પાણી પણ પોતાને માટે લઈ શકતું નથી. જમવાનું તૈયાર હોય અને મા બહાર ગઈ હોય તો પોતાની જાતે લઈ શકતું નથી અને ભૂખ્યું-તરસ્યું બેસી રહે છે.

આ બાળક ઉંમરમાં વધ્યા કરે પણ આવડતમાં શૂન્ય જ રહે. કારણ, મા-બાપ તેને હંમેશાં એમ જ કહેતાં હોય છે કે 'હજી તો તું બાળક છે. મોટો થયા પછી પોતાની જાતે કરજે.' પણ આ મોટાનો અર્થ મા-બાપને જ ખબર નથી. બીજાનાં બાળકો તૈયાર થઈ જાય છે અને પોતાની રીતે જીવન જીવતાં થઈ જાય છે, જ્યારે આ બાળક ઉંમરમાં વધે છે પણ બિચારું અબુધ જ રહે છે.

બાળક જ્યારે નાનું હોય છે ત્યારે એ પોતાની જાતે કરવા માગે છે, નવું નવું શીખવા માગે છે, એને મોટા થવું હોય છે એટલે એ પોતાની જાતે કામ કરવા ઇચ્છે છે ત્યારે કેટલાંક મા-બાપ એને કરવા નથી દેતાં અને પરિણામે બાળક મોટું તો થતું જાય છે પણ કંઈ કરી શકતું નથી. હવે મા-બાપ ઇચ્છે છે; પણ બાળકને કંઈ શીખવ્યું જ નથી તેથી બાળક ભૂલો ઉપર ભૂલો કરે છે એટલે મા-બાપ અકળાઈ જાય છે અને પછી ચિઢાઈને કહે છે, 'રહેવા દે, તારાથી નહીં થાય. હું જ કરી લઉં છું,' અને બાળકને શીખવાની મળતી તક છીનવાઈ જાય છે અને બાળક શીખ્યા વગરનું રહે છે, અને પછી તો બાળક કંઈ કરી શકતું

જ નથી. એનામાં પછી હિંમત આવતી નથી અને મા-બાપ તો એને કોઈ મોકો આપવા તૈયાર જ નથી.

સમાજના આ મહત્ત્વના પ્રશ્નને શ્રી. પવનકુમારે કેટલી ધારદાર રીતે મૂકી આપ્યો છે? આમ એકદમ સરળ દેખાતી કવિતા કેટલા મોટા પ્રશ્નની વાત કરે છે! કટાક્ષની તાકાતનો અહીં સર્જનાત્મક ઉપયોગ થયો છે. આ જ તાકાતનો સંહારાત્મક ઉપયોગ કરીને કોઈની જિંદગી બગાડી પણ શકાય. પણ કવિ તો બ્રહ્મા છે. એને સર્જનમાં આનંદ આવે છે. શ્રી. પવનકુમારની શક્તિ એમાં છે કે તમને ખબર પણ ન પડે અને ગોલ થઈ જાય.

હિંદી ભાષાના એક ઉત્તમ, વરિષ્ઠ અને સુપ્રસિદ્ધ કવિ શ્રી. વીરેન્દ્રકુમાર જૈનના પુત્ર શ્રી. પવનકુમાર હિંદી, અંગ્રેજી અને ગુજરાતીમાં કવિતાઓ લખે છે. ચિત્રકાર, વાર્તાકાર, કવિ, અનુવાદક અને તંત્રી તરીકે એમણે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. અમદાવાદની નૅશનલ ઇન્ટસ્ટીટ્યુટ ઑફ ડિઝાઇનમાંથી ઉર્ત્તીણ થઈને આવ્યા છે. આપણે ત્યાં આવા વર્સેટાઇલ જીનિઅસ બહુ થોડા છે. નવાઈ જેવું એ છે કે હજી સુધી એમનો કાવ્યસંગ્રહ કે વાર્તાસંગ્રહ કેમ નહીં આવ્યો હોય? હું ભૂલતો ન હોઉં તો એમનું એક અનિયતકાલિક 'ટૉર્નેડો' પણ એમણે ઘણો સમય ચલાવ્યું હતું. (નોંધ : ત્રણ વર્ષમાં છ અંકો.)

કવિ ક્યાં ક્યાંથી કવિતા લઈ આવે છે? આ દશ્ય તો આપણે ઘણીવાર જોયું હશે પણ ત્યાં કવિતા કેટલાને દેખાઈ હશે? એમનું એક કાવ્ય છે, 'તરવું છે?'

*વરસાદના પાણીનું*
*ઘર બનીને બેઠું છે માટીનું*
*એક ઠીકરું.*

*એ જળાશયમાંનું*
*પાણી ઝૂમી ઝૂમીને સૂરજને*
*કહે છે : 'આવી જા દોસ્ત,*
*તરતાં શિખવાડી દઉં!'*

પવનથી હાલતા ઠીકરામાં પડેલ વરસાદના પાણીમાં તરતા સૂરજને જોઈને આવો વિચાર ક્યારેય આવ્યો હતો? પણ એમની કવિતામાં હતાશા, મૃત્યુની ઇચ્છા, કે બીક બહુ અસરકારક રીતે આવે છે અને આપણને હલબલાવી મૂકે છે. ડરી ગયેલ માનવીની દષ્ટિ કેવી હોય? એમનું એક કાવ્ય 'બાળરમત' જોઈએ :

*ફૂલોનો એક બગીચો જોઈ*
*મને થયું : કાશ, હું એક પતંગિયું હોત!*
*ત્યાં એક સુંદર સ્ત્રી આવી,*

*મને થયું : કાશ, હું એક ફૂલ હોત!*
*એક તોફાની બાળક આવ્યું,*
*ફૂલને તોડવા લાગ્યું,*
*મને થયું : કાશ, હું કાળઝાળ*
*ભમરો હોત!*
*પણ,*
*અચાનક, રાતે બિડાતાં કમળોના ખ્યાલથી*
*હું ખૂબ ડરી ગયો.*

જૂના પાઠ્યપુસ્તકમાં એક કવિતા આવતી હતી. મધ પીતાં સાંજ પડે છે કમળ બિડાઈ જાય છે, ભમરો એમાં કેદ થઈ જાય છે. હાથીનું ટોળું પાણી પીવા આવે છે. એક હાથી આ જ કમળનું ફૂલ તોડી જમીન ઉપર પછાડે છે અને ભમરો મરી જાય છે. પણ ડરી ડરીને જીવન જિવાય? અને છતાં એવા પણ માનવીઓ છે જેમને હારવું ગમતું નથી એટલે રમત જ નથી રમતા.

અને પરિણામે નાસીપાસ થઈ જાય છે. એમણે કંઈ મેળવ્યું જ નહીં એવું સતત એમને લાગે છે. આમેય આપણે કંઈ એવું મેળવી તો નથી લેતા જીવનમાં, પણ કેટલાકને સતત થાય છે કે મારી પાસે કંઈ નથી. 'વિશ્વમાનવ' જેવા પ્રતિષ્ઠિત સામયિકમાં સપ્ટેમ્બર ૧૯૭૧માં આ કાવ્ય આવ્યું હતું, 'રાત' :

*રાત પાસે તો*
*આકાશ ભરીને તારા છે*
*અને સભર કરતી*
*ભૂરી ચાંદની છે*
*અને દિવસ પાસે*
*આખો અખૂટ*
*સૂરજ છે*
*પણ, મારી પાસે*
*શું છે?*

અને આવી ભાવના બળવત્તર બને ત્યારે મૃત્યુના જ વિચાર આવે ને! પણ એને કેવી રીતે મૂકે છે કવિ? સમાજ ઉત્તમને સાચવવાની વ્યવસ્થા કરવા જતાં ક્યાં ભૂલ કરી બેસે છે એની વાત કરતો કવિ કહે છે 'પોપટ આંબાની ડાળ પર' :

*પોપટ માર્યો ગયો છે,*
*વધારે પડતા ક્લોરોફૉર્મથી*
*એ ટેબલ પર પડ્યો છે.*

*મેં એને પૂછ્યું : ‘અહીં*
*પાંજરામાં થોડીવાર પહેલાં*
*જે પોપટ ગુલાંટો મારતો*
*હતો તે ક્યાં છે?’*
*એણે કહ્યું : ‘આ એ જ છે.*
*એને ભૂસું ભરીને મ્યૂઝીઅમમાં*
*રાખશું.’*

મહાન-ચિત્રકાર વાનગોગને ગાંડો ગણી પાગલ ખાનામાં પૂર્યો, એનાં ચિત્રો આજે કરોડોમાં વેચાય છે. ‘પ્યાસા’ના કવિનો સંગ્રહ એના મર્યા પછી છપાય છે. ગુરુદત્તે એક નગ્ન સત્ય રજૂ કર્યું હતું એમાં. પોપટ આંબાની ડાળે મઝા કરે એવું હોવું જોઈએ. આપણે એને મારીને પછી મ્યૂઝીઅમમાં મૂકીએ છીએ. આ ઊંધુ ચક્ર ચાલતું અટકાવી પોપટ આંબાની ડાળે મીઠું મીઠું બોલે એવું આપણે ન કરી શકીએ?

આવા શક્તિશાળી જીનિઅસ કળાકારોના વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહો છાપવાની જવાબદારી સમાજની છે. ક્રિકેટરોને આપણે નોકરી આપીએ છીએ કારણ કે એ ક્રિકેટર છે. ચિત્રકારોના ચિત્રો મોટી કંપની ખરીદે છે પણ કવિને પોતાને ત્યાં રાખી કોઈ અભિમાન ન લઈ શકે? પહેલાંના જમાનામાં રાજા-મહારાજાઓ એ કાર્ય કરતા હતા. સંસ્કૃતિના ઘડવૈયા આવા સર્જકો જ હોય છે ને?

*મધ્યાંતર : ‘શબ્દોની પાલખી’, ૧૧/૬/૧૯૯૦*

# બાબા પવનની એક કાવ્યગાડી!

## રાધેશ્યામ શર્મા

*કાવ્ય : બાબાગાડી*

ગુજરાતી ગિરામાં પવનકુમાર જૈન એક એવું નામ છે જે પોતાની વિશિષ્ટ વિલક્ષણતાઓના કારણે આધુનિકતાના અવનવા આયામ પ્રગટ કરતું જ રહે છે. પવનકુમારની દિશા પવન જેટલી પણ નિશ્ચિત નથી! પવન ક્યારેક એક તરફ ફૂંકાતો રહે છે પણ પવનકુમાર અધવચ્ચેથી વિરુદ્ધ દિશા પક્ષે ગતિ કરે તો નવાઈ નહીં; આનું કારણ અટકે જાતે જૈન છે, બાકી તેમનાં કળાત્મક કારસા, કારસ્તાન અને કસબના કારણે-ધોરણે અ-જૈન મનાય. ''ખાસ ગમતી પ્રવૃત્તિ વાર્તા છે'' પણ એક સંગ્રહ થાય તેટલી કવિતાઓ લખી છે. લોકકથા-પરીકથા-દંતકથાઓના ૧૮૬ (હવે ૩૦૦) જેટલા અનુવાદોમાં તેમની કલમે કમાલ બતાવવાનું વિક્રમી બીડું ઝડપ્યું છે. આનો સંચય પણ થઈ શકે. કોઈ સાહસિક પ્રકાશકની નજરની જ જરૂર છે કે ખજાનો (અને એક પવનનો ખજાનો!) કેવો વૈવિધ્યપૂર્ણ અને આકર્ષક છે.

પવનકુમારે કવિતાસ્વરૂપમાં કામ કર્યું હોય ત્યાં પણ પવનકુમાર બ્રાન્ડની મહોર નોખી તરી આવવાની. વૈયક્તિક સ્ફુરણો, વિશેષતાઓને નિજી વળાંક આપે ત્યારે ઘણી વાર બધું દુર્બોધ અને અસ્પષ્ટરેખ બની પડતું હોય છે, પરન્તુ પવનકુમાર એવાઓની જમાતના નથી. બાળકથાની સરળતા અલંકારના ઠઠેરા વગર સોંસરી નીકળી જતી ભાષાશૈલી મારફત કેવું કામ કઢાવી શકે એનો 'બાબાગાડી' નાદર નમૂનો છે.

પરંપરાગત અર્થમાં કે પ્રચલિત બીબામાં આ રચનાને કવિતા કહેવી કે નહીં એની ઘણાંને મૂંઝવણ પણ થાય...તો થવા દઈએ.

કોઈ કવિતાનું મથાળું 'બાબાગાડી' તે હોઈ શકે?! અને હોય તો તે કશીક જાતના બાળકાવ્યનાં જોડકણાંનું હોઈ શકે. પણ અહીં તો નવતેરું છે. બાળકાવ્ય બાળકથા જેવું લાગે અને છતાં શિશુવાર્તાની મર્યાદાને ઉલ્લંઘી જાય એવી સામગ્રીનો અહીં સરસ સમાસ અને સંકર સંભવ્યો છે.

મા-બાપ બાબાગાડી સાથે બાહર નીકળે તેની ગડ બેસે પણ બંને જણાં 'એમના લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો પહેરીને' નીકળે તે કૌતુકપ્રેરક દશ્ય મનાય.

હવે બાબાગાડીમાં કોણ બિરાજમાન છે? નાનો બાબો? ના, કાવ્ય-નાયક સ્વયં બાબાગાડીમાં બેઠો છે અને પોતાના દષ્ટિકોણથી પ્રસંગને, પાત્રોને તથા પરિસ્થિતિને પેશ કરે છે.

કુતૂહલની સામગ્રી હવે છે. બાબાગાડીમાં પાંત્રીસ વર્ષનો બાબો બેઠો છે – જાડા કાચનાં ચશ્માં પહેરીને! માટે તો તે કહે છે : મારી ઝીણી પાંત્રીસ વર્ષની આંખો વડે જાડા

કાચમાંથી દુનિયાને જોઉં છું.

આ દુનિયા કેવી છે? તો કે' છે : જતા-આવતા લોકો હસે છે, ગુસપુસ કરે છે અથવા મોં ફેરવી લે છે. બાબાગાડીમાં પાંત્રીસ વરસના ઢાંઢાને જાડા જાડા કાચનાં ચશ્માં સાથે ફેરવવા નીકળેલાં મા-બાપને જોઈ લોક આમ જ પ્ર-વર્તે ને!

વધારામાં પેલું તો સાચું જ કે માતા-પિતા હજુ ગઈ કાલે જ પરણ્યાં હોય, ઉત્સવનું સાતત્ય જાળવી રહ્યાં હોય તેવી રીતે 'લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો' પહેરીને જાહેરમાં ફરવા બહાર નીકળ્યાં છે! તમાશાને પછી તેડું હોય?

કૃતિ-અંતર્ગત પ્રસંગમાં મા-બાપને લેશ પણ લાજ નથી કે પાંત્રીસ વર્ષના પુત્રને બાબાગાડીમાં બેસાડી હાલતાં નીકળી પડ્યાં છે! સંકોચ છે તો બાબાગાડીમાં બેઠેલા પાંત્રીસના બાબાને છે જે માતા-પિતાને બાબાગાડી ચાલતી રોકી ફગાવી દેવાનું સૂચન કરે છે. ખરેખર તો મા-બાપ લજાઈ જાય આવડા પ્રૌઢ પુત્રને અપંગ ભિક્ષુકની પેઠે બાબાગાડીમાં બહાર કાઢતાં, પણ અહીં એવું નથી.

ઊલટું, માતાપિતા તો લગ્નનાં સર્વોત્તમ વસ્ત્રોમાં સજ્જ છે, બાબાગાડી ચલાવવામાં નિમગ્ન છે. ત્યારે નિરુપાયે છેવટે મોટા થઈ ગયેલા છોકરાએ સૂચન કરવું જરૂરી બને છે કે ભલે હું ચાલી ના શકું, ઓલિમ્પિક્સમાં દોડી હરીફાઈમાં ના ઊતરી શકું પણ મને કૃપા કરી ચાલવા દો... 'હું ડગમગમ પગલે તો ચાલી જ શકું છું.'

પણ માતા-પિતા એમની ધૂનમાં જ મસ્ત છે. એમનો જવાબ પણ મસ્તાન છે. હોઠ ભીડીને બંને બબડે છે : બરાબર ચલાતું નથી તો તું તો દોડી શકવાનો જ નથી. તારી ઉંમરે કોઈ ડગમગ પગલે ચાલતું નથી. અમે ઘણાં જ થાકી ગયાં છીએ (ઉપકાર માન અમારો કે) છતાં તને બાબાગાડીમાં બેસાડીને ફરવા નીકળીએ છીએ. દયા કરીને તું અમને હવે વધુ ત્રાસ નહીં આપ.

મા-બાપના આવા ઉત્તર આગળ કાવ્ય પૂરું થાય છે. કદાચ આપણે કાવ્યનું પુનર્પઠન કરવા પ્રેરાઈએ ત્યારે સૂઝે કે બાબાગાડીમાં બેઠેલા પાંત્રીસના બાબા કરતાં લગ્નનાં વસ્ત્રોમાં નીકળેલાં મા-બાપ જ હજુ બાબાગાડીમાં રહેવાને સુપાત્ર છે! પગે ચાલી શકવા અશક્ત બાબા કરતાં કશીક માનસિક પંગુતાનો શિકાર થયેલાં અને પુત્રને આળપંપાળથી પાંગળો રાખનારાં જનક-જનની જ આવી હાસ્યાસ્પદ ઍબ્સર્ડ સ્થિતિ માટે સંપૂર્ણ જવાબદાર છે. આમ બાબાગાડી મા-બાપની પંગુતાનું દયાપ્રેરક પ્રતીક બની રહે છે. પવનકુમારની સંયોજના માટે અભિનંદન...

*ફા. ગુ. સ. ત્રૈમાસિક : 'કાવ્ય સંકેત', એપ્રિલ-જૂન ૧૯૯૧*

# કાવ્યભાવન

## રમણીક અગ્રાવત

*કાવ્ય : બાબાગાડી*

એક બાબાગાડી લઈને એક સ્ત્રી-પુરુષનું જોડું એના લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો પહેરી ફરવા નીકળ્યું છે. રસ્તે જતા-આવતા લોકોની નજર બાબાગાડી પર પડે છે. જે જે જુએ છે તેની નજર અચૂક કંઈક વિચિત્રને નોંધે છે. કોઈક વળી વળીને આ બાબાગાડીને જોઈ લે છે. કોઈ કશીક ગુસપુસ કરે છે, કોઈ હસે છે. બાબાગાડીમાં બેઠો છે આ કાવ્યનો કથક એક પાંત્રીસ વરસનો બાબો. એક વિકલાંગ બાળક. જે જાતે ચાલી શકતો નથી. વિચારે છે ઘણું બધું, પણ બોલી શકતો નથી. બોલવા ધારે તો છે, પણ વિચાર અને શબ્દો વચ્ચે વધારે અંતર પડી જાય છે. આવા બાળકને ઘરના ઓરડામાં પૂરી દઈને કે એના પગે દોરી બાંધીને ક્યાંક ખૂણામાં ગોંધી રાખીને કે એને કોઈ સાચવનારને ભરોસે છોડીને આ માતા-પિતા નીકળી પડ્યાં નથી. પાંત્રીસ-પાંત્રીસ વરસથી વેઠાતી પીડાને વિસારીને એમના લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રોમાં સજીધજીને નીકળ્યાં છે. એક નવી સાંજને ઉજવી રહ્યાં છે પોતાના પાંગળા બાળક સાથે. શક્ય છે એ બાળક મનોમન તો પોતે જે બાબાગાડીમાં બેઠો છે એની આગળ આગળ દોડી રહ્યો છે. કલ્પી લઈએ કે જે બાળક પાંત્રીસનો થયો છે તેનાં મા-બાપ સાઠ વરસને પાર તો કરી જ ગયાં હશે. આ દૃશ્ય હોવું તો એમ જોઈતું હતું કે પાંત્રીસનો યુવક મા-બાપની વચ્ચે એમને ટેકો આપીને ચાલી રહ્યો હોય કે ચાલતાં ચાલતાં જરાક આગળ નીકળીને, થંભી પાછળ આવતાં માતા-પિતાની સાથે થઈ જતો હોય. પણ રે નસીબ! જતા-આવતા લોકના મૂંગા હાસને વેઠતાં, વેધક દૃષ્ટિઓને ઝીલતાં આ મા-બાપ બાબાગાડીને ઠેલે છે. ઠેલી રહ્યાં છે જીવવાની વિવશતાને. એ માતા-પિતા કોઈ બોજ લઈને નથી જ નીકળ્યાં. એમના દિલના ટુકડાને લઈને નીકળ્યાં છે. એટલે તો તેઓ સુંદરમાં સુંદર વસ્ત્રોમાં છે.

લોકો તો પોતાના ઘડીભરના કુતૂહલને વશવર્તી ગુસપુસ કરી આગળ વધી જશે, પણ આ પીડિત માતા-પિતાની પીડામાં થોડુંઘણું ઉમેરણ જરૂર કરતા જશે. ભલે કંઈ ભળતીસળતી વાત કરી લોકો મોં ફરવી લે, પરંતુ આ મા-બાપ પોતાના દુભાયેલા બાળકથી કેમ મોં ફેરવી શકે? બાબાગાડીમાં બેઠેલો બાળક (કદાચ મનોમન) પૂછે છેઃ હું ભલે દોડી ન શકું, પણ ડગમગ પગલે ચાલી શકીશ તો ખરો જ. આ બાબાગાડીને ફગાવી દો અને મને ચલાવો. મા-બાપના હોઠ પીડામાં સહેજ વધુ ભીંસાઈ જાય છે. કદાચ આ સંવાદ રોજેરોજ ચાલતો હશે. રસ્તો ખખડાવતી બાબાગાડી પસાર થયા કરતી હશે. બાળક તો કમનસીબ છે જ, પાંત્રીસ વરસ લાંબી પીડા વેંઢારતો બાબાગાડીમાં એ બેસી રહ્યો છે. પણ એનાથીય

વધારે કમનસીબ તેનાં મા-બાપ છે. તેઓ કઈ રીતે એમના હતભાગી દીકરાને સમજાવે કે પાંત્રીસ વરસની ઉંમર એ કઈ ડગમગ ચાલવાની ઉંમર નથી. એમ ચાલશે તો લોકોને જોણું થશે જ. વળી કંઈ કટાક્ષો થશે, કોઈ હસશે, કોઈ દયા ખાશે. હકીકતે એ દીકરા-નું બાળક હોવું જોઈતું હતું આ બાબાગાડીમાં. શ્રી પવનકુમાર જૈન પહેલી વાર એક એવા બાળકની પીડાને ગુજરાતી કવિતામાં લઈ આવ્યા છે, જે સમજે છે બધું, પણ વ્યક્ત કરી શકતો નથી કંઈ પણ, કરી શકતો નથી કંઈ પણ. એક બાળક અને માતા-પિતાની આ બાબાગાડી સંવેદનશીલ સહૃદયોના કાળજામાં ચરચરાટ કરતી જઈ રહી છે. આ કાવ્યગાડી એક વિકલાંગ બાળક અને તેનાં બદનસીબ માતા-પિતાની પીડાને તો ઉઘાડી પાડે જ છે, સાથોસાથ રસ્તે જતાંય કોઈકને પીડા પહોંચાડવાનું નહીં ચૂકતી ઇતરજનોની હૃદયકૃપણતાને, અણઘડતાને પણ ઉઘાડી પાડે છે.

પોતાના લગ્નસમયનાં સર્વોત્તમ વસ્ત્રો પહેરી પોતાના બીમાર બાળકને છાતીએ વળગાડી માતા-પિતા નીકળી શકે છે એ એમની વશેકાઈ છે. કહો કે દુઃખને વેઠવાની આ પણ એક રીત છે. પાંત્રીસ વરસની ઝીણી આંખો વડે ચશ્માંના જાડા કાચમાંથી દુનિયાને જોતો બાળક બાબાગાડીમાં બેઠો બેઠો મૂંગો મૂંગો માગી રહ્યો છે એકાદ પ્રેમભર્યું સ્મિત કે બહુ બહુ તો એક અમસ્તો સ્પર્શ. એમ પણ ન થઈ શકે તેમ હોય તો એ (અને એના કરતાંય વધુ થાકી ગયેલાં એનાં માતા-પિતા) ખસિયાણાં પડી જાય તેવી હરકત પર કાબૂ. માગણી બહુ મોટી નથી. પણ, વિચારતાં જરૂર કરે. કોઈની દયા ખાવાની જરૂર નથી. કોઈને નજરથી પણ ઠેસ ન પહોંચે એવી વેદનાશીલતા વિકસાવવી જરૂરી છે. આપણા પોતાના માટે. આપણી દેહભાષા પણ કોઈકને ઈજા પહોંચાડી શકે. સંવેદના પામવા માટે સંવેદનશીલ બનવું પડે!

*'સ્વર્ણિમ ગુજરાત', ૨૦/૧૧/૨૦૧૦*

# અનાડી વૈદ્યનો રામબાણ નુસખો

## વેણીભાઈ પુરોહિત

*કાવ્ય : 'અસલ' કાવ્યપાક*

કવિતાને પામવી એ કોઈ તાંત્રિક પ્રયોગ નથી અને કવિતાને પ્રગટ કરવી એ કોઈ યાંત્રિક પ્રક્રિયા નથી. અને તે છતાં પ્રભુને પામ્યાની ભ્રમણામાં ફરતા ભક્તોની જેમ કવિતાને પામી ચૂક્યાની મસ્તીમાં ફરનારા ઘણા મળી આવે છે. એવી જ રીતે કવિતાને પ્રકટ કર્યાના પોરસમાં ફરતા લોકો પણ છે. આજે જ છે એવું નથી. જમાને જમાને આવા ભ્રાંતિદાસો ઠીક ઠીક સંખ્યામાં ''અવતાર'' લેતા આવ્યા છે અને હવે પછી પણ ''સાક્ષાત્કાર'' કરાવતા રહેશે.

છંદ આવડ્યા એટલે કવિતા રચતાં આવડી ગઈ એમ ઘણા માને છે. પણ માત્ર કવિતા લખવાથી કવિ થવાતું નથી એ વાતનું કઠોર સત્ય સમજી લેવાની જરૂર છે. કવિતા 'લખવી' અને 'રચવી' એમાં ફેર છે. કવિતા કોને કહેવી તેની વ્યાખ્યા માટે દુનિયાભરના સાહિત્ય ક્ષેત્રોમાં મતમતાંતર છે, ફિરકા છે, વાદ છે. પણ હૃદયને સ્પર્શે અને બુદ્ધિને ઝબકારો બક્ષે એ કવિતા છે, પછી તે ગમે તે સ્વાંગની હોય કે ગમે તે પ્રકારની હોય. ઉદ્‌બોધન હોય, મનન હોય, મંથન હોય કે પછી વિચાર ચંક્રમણનું આંદોલન માત્ર હોય... એ ગમે તે પ્રકાર હોય, પણ તેમાંથી ધ્વનિ પ્રગટવો જોઈએ અને એ ધ્વનિ ભાવકને શ્રવણગોચર થવો જોઈએ. અહીં ધ્વનિ એટલે ગૂઢાર્થ, કેન્દ્રવર્તી વિચાર કે કેન્દ્રવર્તી પ્રશ્ન.

પણ, માત્ર આચારધર્મમાં અટવાયેલા ભક્તો ઈશ્વર સાથે અનુસંધાન પ્રાપ્ત કર્યાનો મિથ્યા સંતોષ ધરાવે છે તેવું જ કવિતાનું છે. છંદમાં, માત્રામાં કે ગેય ઢાળમાં વ્યવસ્થિત કંઈક લખાયું તેનું નામ કવિતા નથી. કવિતા છંદમાં, માત્રામાં, ગેય ઢાળમાં કે ગદ્યખંડોમાં હોય તે તેનો બાહ્ય સ્વાંગ થયો. અને સ્વાંગ એ કંઈ કવિતા નથી. કવિતા તો આ બધાં ઉપકરણોથી પર છે. કવિતાનો સાક્ષાત્કાર તાંત્રિક નથી, યાંત્રિક નથી અને સહજ પણ નથી.

એટલે જ છંદોમાં ઢાળેલું અને ગીતોમાં ગોઠવેલું જે કંઈ હોય એને કવિતા માનનારાઓ પ્રત્યે ટકોર કરતું આ કટાક્ષકાવ્ય છે. કવિતા એ કોઈ સાલમપાક નથી એમ કહેવા માટે અહીં ''અસલ'' (એટલે કે નકલ જ તો) ''કાવ્યપાક'' દ્વારા કવિતાને પામવાનો જાહેરાતી નુસખો બતાવીને એવા પાકના સેવનથી આવતા મિથ્યા પરિણામનો નિર્દેશ કર્યો છે. એ માત્ર નિર્દેશ નથી, ટકોર છે, ઇશારો છે. કાવ્ય-રચનાને નામે કવિતાનો ઉપહાસ કરનારાઓને અહીં ચીમકી આપી છે અને ચાબખો પણ માર્યો છે. એને કહેવું છે કે એમ કંઈ અસલ કવિતા રેઢી પડી નથી. આયુર્વેદમાં અમુક અમુક ઔષધોના મિશ્રણનો જેમ પાઠ હોય છે તેવો કવિતા પ્રગટ કરવા માટે કોઈ પાઠ નથી. એમ કહેવા માટે જ અહીં આ કવિતાએ

આયુર્વેદની પરિભાષાનો સપ્રયોજન વિનિયોગ કર્યો છે. જાણે કે કોઈ અસાધ્ય રોગ પરનો રામબાણ નુસખો બતાવીને નહોર ભરાવ્યા છે.

કવિતા અવતરે છે, જન્મતી નથી.

*જન્મભૂમી-પ્રવાસી : 'કવિ અને કવિતા', ૭/૯/૧૯૭૫*

# સમતુલાનો સનકારો

## વેણીભાઈ પુરોહિત

*કાવ્ય : વર્તમાન*

જીવનની આજની ઘડીની જવાબદારીઓથી થાકી જનારા ઠરડાઈ જાય છે. આજની ઘડીની આફતથી અકળાઈ જનારા પરિસ્થિતિના પારખુ નથી. આજની ઘડીની જંજાળથી મૂંઝાઈ જનારા શક્તિમાન હોવા છતાં અશક્ત છે. જીવનના પ્રવાસમાં ચાલ્યા વિના છૂટકો નથી. વટેમાર્ગુનાં વીતેલાં પગલાં ભૂતકાળ છે, અત્યારનાં પગલાં વર્તમાનકાળ છે અને હવે પછીનાં પગલાં ભવિષ્યકાળ છે.

ભવાટવીમાં ભટકતો ભાવિક એક વિચિત્ર ભ્રમણામાં અટવાયા કરે છે. તે એમ માને છે કે આ વર્તમાન કાળને ઊંચકીને આગળ જવું એ અઘરું છે. વર્તમાન કાળના બોજથી હાંફી જવાય છે, લોથ થઈ જવાય છે અને તેથી ભવિષ્ય ભણી પગલાં માંડવામાં સ્થિરતા, ગતિ કે ચોકસાઈ રહેતાં નથી. વર્તમાનના બોજને કારણે ભવિષ્ય પ્રત્યેની ગતિ વિલંબમાં પડે છે.

પણ એ જ તો મોટામાં મોટી ભ્રાંતિ છે, એમ આ કવિતા કહે છે. ભૂતકાળની વાત ગઈ... વીતી ગઈ. ભવિષ્યની વાત કેવી હશે એ કોને ખબર? પણ વર્તમાન એટલે વાસ્તવિકતા. અને વાસ્તવિકતાનો બોજ ઊંચક્યા વિના, એ બોજ ઊંચકીને આગળ વધ્યા વિના કોઈનો છૂટકો નથી.

હાથમાં લાકડી કે પોર્ટફોલિયો લઈને જનારાના હાથમાં લાકડી કે પોર્ટફોલિયો નહીં હોય તો તેમને ચાલવામાં મજા નહીં આવે. કંઈક અડવું અડવું લાગશે. આ કવિતા કહે છે કે વર્તમાનકાળનો બોજ છે તો વટેમાર્ગુ સમતુલા જાળવી શકે છે અને તેનાં પગલાંમાં દૃઢતા આવે છે. વર્તમાનને એટલે કે વાસ્તવિકતાને જે ફગાવી દે છે તેની ચાલ ડગમગી જાય છે. તેની ગતિ અટવાઈ જાય છે. ઊલટાનો તે હળવો બનવાને બદલે લથડિયાં ખાતો થઈ જાય છે.

વર્તમાન પ્રત્યે આંખ આડા કાન કરીને માણસ ભવિષ્યની રંગીન કલ્પનાથી લેવાદેવા વગર લલચાઈ જાય છે. મોઢા આગળ ખરું, પણ મોઢાથી દૂર કલ્પનાના દંડૂકા પર ભવિષ્યની રંગીનીઓ કે ભવિષ્યનાં સપનાં રૂપી ગાજર લટકાવ્યું છે. તે ગાજર દેખાય છે, પણ હાથમાં નથી આવતું અને હાથમાં નથી આવતું તે મોંમાં તો ક્યાંથી આવે? છતાં એ ગાજરની લાલચથી માણસ વર્તમાનનો પંથ જલદી કાપીને ઝટપટ ભવિષ્યમાં જવા ચોંપ રાખે છે.

પણ પરિસ્થિતિ પલટાઈ જાય છે. વર્તમાનના બોજ પ્રત્યે અભાવો છે તેથી તે બોજ પીઠ પરથી ખસી જાય છે અને ભવિષ્યનું ગાજર તો...ગાજર મટીને ડફણામાં ફેરવાઈ જાય

છે. વટેમાર્ગુને માથે, જીવનના મુસાફર માથે દંડૂકો તોળાઈ રહે છે. હમણાં ફટકો પડ્યો કે પડશે! સ્થિતિ હાસ્યાસ્પદ બની જાય છે. ઉપહાસને પાત્ર બની જાય છે. ભવિષ્યના ગુલાબી ખ્યાલમાં વર્તમાનને ભૂલી જવાની ભૂલ સમજાય છે. એટલે પછી, પીઠ પરથી ખસી ગયેલા વર્તમાનના બોજને પાછો પીઠ પર બરાબર ગોઠવે છે. વેઠ ઉતારવાની વૃત્તિ દૂર કરે છે અને એમ જ્યારે આગળ વધે છે ત્યારે જ તેની ચાલમાં રેવાલ ગતિ આવે છે. વર્તમાનની વાસ્તવિકતાનો બોજ ઉઠાવ્યા વિના હાથ ઉલાળીને કદી ય કલ્પેલા ઉજ્જવલ ભવિષ્ય ભણી આગળ વધી શકાતું નથી. વિલક્ષણ વાત વિચક્ષણતાથી આ કવિતાએ કહી દીધી છે.

*જન્મભૂમી-પ્રવાસી : 'કવિ અને કવિતા', ૧૧/૪/૧૯૭૬*

# આધુનિક કવિતા : મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ

## મધુ કોઠારી

*કાવ્ય : એક 'પોપટ' છાપ કાવ્ય*

કાવ્યમાં કેટલીકવાર regressionની ક્રિયા ઉદ્‌ભવે છે, ત્યારે કવિતાનું પરિમાણ પ્રાપ્ત કરે છે. Regression એટલે જીવનના પાછલા તબક્કામાં જવું.

*લીમડાના ઝાડ ઉપર*
*પોપટ બેઠો છે.*
*પોપટ ખાવાના*
*કામમાં આવે છે.*
*લીમડો શિશિરમાં*
*મીઠું ગાય છે.*

*(પવનકુમાર જૈન, અભિવ્યક્તિ, અંક-૩)*

અહીં બાલસુલભ ઉચ્ચારણો હોવા છતાં કાવ્ય-સધાય છે.

આધુનિક કવિતાને આમ મનોવૈજ્ઞાનિક ભૂમિકા પર તપાસવાનો ઉદ્યમ માત્ર ઉપયોગી જ નહીં રોમાંચક પણ બની જાય છે. એવી દલીલ કરવામાં આવી છે કે અન્ય વિજ્ઞાનોને ખપમાં લેવામાં આવતા નથી અને સાહિત્યતત્ત્વને મૂલવવાના પ્રયાસ કરવામાં આવતાં નથી. આ દલીલમાં વજૂદ છે અને તેના પ્રત્યુત્તરમાં પણ આવું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ લઈ શકાય. આધુનિક કવિતાનું સર્જન જ્યારે વિશેષ obscure લાગે છે, વિશેષ તો જૂના વિવેચકોને, ત્યારે આવું વિવેચન સારા પ્રમાણમાં searchlight ફેંકે છે. કવિતાના આટલા અને આવા અર્થઘટન પછી અને દલીલો પછી મનોવૈજ્ઞાનિક અભિગમ પ્રારંભમાં અપ્રતીતિકર લાગતો હોય તેને પણ હવે પ્રતીતિકર લાગવો જોઈએ.

*[વડોદરાની 'કવિમિલન' સંસ્થાએ યોજેલ 'આધુનિક કવિતાનું કાવ્ય સત્ર'માં વંચાયેલ નિબંધના 'અભિવ્યક્તિ'ના વિશેષાંકમાંથી સાભાર.]*

સૌરાષ્ટ્ર સમાચાર, ૧૨/૭/૧૯૭૩

# પ્રણાલિકા સામે પ્રતિરોષનું કાવ્ય

## યશવંત ત્રિવેદી

*કાવ્ય : એક 'કટલેટ' છાપ કાવ્ય*

સમાજમાં તેમ જ સાહિત્યમાં હરજમાને રૂઢ પ્રણાલિકાઓ સામે પ્રતિરોષ પ્રગટ થતો હોય છે. 'સુરરિઅલ કવિતા' 'નીઓસુરરિઅલ કવિતા' 'બીટ કવિતા' 'પૉપ કવિતા'- આવા કશાક વાદના લેબલ લગાડેલી કવિતા સામે – આવા રૂઢ થતા જતા mannerisms (સામાન્ય શિષ્ટાચારો) સામે કવિ-ચિત્રકાર શ્રી પવનકુમાર જૈન રોષિત પ્રતિભાવ પ્રગટ કરે છે. પોતાના કાવ્યને આપેલા *એક 'કટલેટ' છાપ કાવ્ય* શીર્ષક દ્વારા તેઓ આવી છાપકવિતાનો ઉપહાસ કરે છે. અન્યત્ર પ્રગટ થયેલાં તેમનાં *એક 'મેઘધનુષ્ય' છાપ કાવ્ય, એક 'ભીલ' છાપ કાવ્ય, એક 'પોપટ' છાપ કાવ્ય*, વગેરે દ્વારા તેમણે ઉપહાસનો એક સળંગ ઉપક્રમ શરૂ કર્યો છે. જોકે આવો કાવ્યગુચ્છ પોતે જ એક મેનરિઝમમાં પરિણમશે તે ભયસ્થાન ધ્યાનમાં રાખવા જેવું છે.

જાતીયવૃત્તિના અનુભવના એક વાક્યનું આ કાવ્ય છે. સ્ત્રી-પુરુષના જાતીયવૃત્તિ અનુભવને હેમિંગ્વેએ 'An Alpine Idyll' અને અન્ય વાર્તાઓ દ્વારા 'ખોરાક'નું પરિમાણ આપ્યું છે. શેકસપીઅરે તેમના નાટક 'એન્ટની ઍન્ડ ક્લીઓપેટ્રા'માં કલીઓપેટ્રાની સીઝર સાથેની જાતીયવૃત્તિને આ જ પરિમાણથી નિરૂપી છે :

'My Salad days,
When I was green in
judgment.'

શ્રી જૈન 'કામવાસનાના સાર જેવું' દ્વારા અમૂર્તનું રૂપ કંડારે છે. બીજી પંક્તિમાં વર્ણન શૈલીથી 'રક્તસ્રાવના લાલ રંગ'ની ઇંદ્રિયગ્રાહ્યતાનું સાદશ્ય પ્રગટ કરે છે. અને તે બન્નેની ટોમૅટો કેચપ સાથે ઉપમાનતા પ્રયોજે છે. જાતીય સમાગમ સાથે 'ગ્લાનિની થીજી ગયેલી ગાઢાશ'નો અનુભવ કાવ્યાનુભવના કેન્દ્રમાં રહેલો છે.

ગ્લાનિના કેન્દ્રથી પરિઘની સપાટી પ્રતિ સ્ત્રીરૂપ પ્રગટ થતું આવે છે. પંક્તિ પાંચ અને છની ઉપમા અરૂઢિગત છે. રોમન્ટિક શૈલીમાં મળતા નારી સૌંદર્યનાં વર્ણનોનો અભાવ અહીં રોમન્ટિક પ્રવૃત્તિનો ઉપહાસ કરે છે. એક બાજુ બટેટાની પુષ્કળતાની મેદુરતા અને બીજી બાજુ 'નાકમાં નથડી પહેરીને બેઠેલી ગોરી'નું પ્રણાલિકાગત રોમન્ટિક વર્ણન અને તેની જ સહોપસ્થિતિમાં 'બટેટામય, ચીબાવલી'નો વિરોધાભાસ લાગણીની બહુલતા પ્રગટ કરે છે.

કવિ દિલ્હીના રાસ્તોરાં ત્રિવેણી કલાસંગમમાં બેઠો બેઠો આ અનુભવી રહ્યો છે.

રાસ્તોરાંના ટી ટેરેસમાં ઠંડીની એક પરિસ્થિતિમાં છોકરી સામે ટગર ટગર જોતાં ખાઈ જવાની પ્રક્રિયા સૂચક છે. રાસ્તોરાંના ઓપન ઍર ઑડિટોરિયમમાં મણીપુરી નૃત્ય શીખનારાઓના તાલઠેકા સંભળાતા હોય તે કવિસમય અને વાતાવરણ છે. છેલ્લી ત્રણ પંક્તિઓ પછીના પૂર્ણવિરામ સાથે જાતીયવૃત્તિના અનુભવના રૂપનિર્માણની પ્રક્રિયા પૂરી થાય છે.

પ્રવર્તમાન (idioms) કથનરીતિનો ત્યાગ કરી આ કાવ્યમાં કવિ ઉપહાસના કાકુઓને નવી રીતે પ્રયોજે છે. વળી કવિતાની ભાષામાં idiom બોલચાલની ભાષાથી જુદા હોય એ વાતનો તો વર્ડ્ઝવર્થે ક્યારનોયે રદિયો આપી દીધો હતો :

'There is no essential difference between the language of poetry and that of prose.'

એલિયટે વાતચીતની ભાષાનો સબળ ઉપયોગ કવિતામાં કર્યો હતો. દૃષ્ટાંત લેખે તેમના 'Gerontion' કાવ્યમાંથી વાતચીતની ભાષાનો નમૂનો જોઈએ :

'After such knowledge, what forgiveness? Think now
History has many cunning passages, contrived corridors
And issues, deceives with whispering ambitions,
Guides us by vanities.
Think now...'

આ રચનામાં વાતચીતનો ગદ્ય-લય અને સાદા શબ્દોનો ઉપયોગ છે. રૂઢિઓ અને લેબલ છાપો સામે પ્રતિરોષ અને રોમન્ટિક પ્રવૃત્તિનો ઉપહાસ છે. કામવૃત્તિના અનુભવનું એક સળંગ વાક્યમાં નિરૂપણ અને કામવૃત્તિ અને ખોરાકના અનુભવનું રૂપક છે.

અને કવિતા?

ભાવકનો અનુભવ કહે તો ના, કહે તો હા.

*જનશક્તિ : 'કાવ્યલોક', ૧૧/૪/૧૯૭૧*

# એક 'મેઘ ધનુષ્ય' છાપ કાવ્ય

## ડૉ. પિનાકિન્ દવે

કવિતામાં શબ્દ અને અર્થ વચ્ચે શો સંબંધ? એ વર્ષોથી વિચારણાનો વિષય રહ્યો છે. કાલિદાસે વાણી અને અર્થના સંયુક્ત સ્વરૂપને પાર્વતી-પરમેશ્વર સાથે સરખાવી બન્નેનો સમાનભાવે સ્વીકાર કર્યો જણાય છે. પરંતુ આજે નવીન કવિતાની વિચારણામાં અર્થની અપેક્ષાએ શબ્દને પ્રાધાન્ય આપવામાં આવે છે. કવિનો શબ્દ એ જ કવિતા. એને લગભગ અર્થથી વિયુક્ત કરી દેવામાં આવે છે.

તો બીજે પક્ષે ધ્વનિ જેવા સંપ્રદાયની માન્યતામાં અર્થના પ્રાધાન્યનો સ્વીકાર છે. શબ્દ એ તો અર્થના અનેકવિધ સ્તરોને પ્રકટાવનાર સાધનમાત્ર છે. શબ્દનો કવિતામાં ઉપયોગ આધારશિલા તરીકે થાય છે. કવિતાની ભૂમિકા એથી પર છે. આ માન્યતા અનુસાર સર્જનની પ્રક્રિયા કાંઈક આવી કલ્પવામાં આવે. કવિના અંતરમાં રસ કે ભાવના રૂપે કશુંક અવ્યક્ત રૂપમાં રહ્યું હોય તેનો શબ્દદેહ એ વ્યક્ત મધ્ય, જે કવિતાનું શાબ્દિક રૂપ બાહ્ય દૃષ્ટિએ જણાય છે. આ વ્યક્ત રૂપ વળી તેના અવ્યક્ત તેવા ધ્વનિ રૂપને નિર્દેશે. અહીં શબ્દની ઉપાદેયતાને નકારવામાં આવતી નથી કારણ કે તેમ કરવું શક્ય નથી. ધ્વનિકાવ્યમાં શબ્દની તુલનામાં અર્થ વધારે મહત્ત્વ ધરાવે છે.

અતિવાસ્તવના મૅનિફેસ્ટોમાં જ એવું દર્શાવવામાં આવ્યું છે કે કલમ ને કાગળ લઈ બેસી જાઓ અને મનમાં જે કાંઈ ઊભરાઈ આવે એને ઉતાર્યે જાઓ. કેટલીકવાર આવું લેખન અર્થવિહીનતાના સ્તરે પણ પહોંચી જાય. તેમ છતાં એની સામે કોઈ આપત્તિ નથી. કોઈને પ્રશ્ન થાય કે આવું આલેખન તો કોઈપણ વ્યક્તિ કરી શકે. એનો ઉત્તર એવો હોઈ શકે કે શક્તિ અથવા પ્રતિભા એ સમસ્ત સર્જન પ્રક્રિયાની પ્રાથમિક શર્ત રહી છે. પ્રતિભાવાન વ્યક્તિનો શબ્દ કવિતાનું સ્વરૂપ ધારે. પરંતુ અહીં હૃદગત કવિતાનું કશુંક અવ્યક્ત જેવું સ્વરૂપ સંભવી ઓછું શકે. આની ખરેખરી મુશ્કેલી દીર્ઘકાય રચનાઓમાં આવવાની. તેમાં સ્પૉન્ટેનેઇટી ઓછી હોય છે. એક ઊર્મિકાવ્ય (લાયરી) અને પ્રબંધમહાકાવ્યને નજર સમક્ષ રાખીશું તો આ વધારે સ્પષ્ટ થશે.

ઊર્મિકાવ્ય કલમ ને કાગળ લઈને બેસો અને તરત ઉતારી શકો. એને માટેની સ્ફુરણાનું શું? એવો પ્રશ્ન ઉદ્ભવે પણ અહીં સ્ફુરણાનો સ્વીકાર કરવામાં નથી આવતો. પરંતુ આપણે વિચારીએ તો જણાશે કે સ્ફુરણા બે પ્રકારની હોય છે. એક તત્ક્ષણ પ્રકારની અને બીજી નિહિત રૂપે સંચિત થતી. કર્મરૂપ સાથે એને સરખાવી શકાય. કેટલાંક કર્મમાં રૂપ તરત ઉદિત થતાં હોય છે, કેટલાંક કાલાંતરે પ્રકટતાં હોય છે. એમજ કોઈકવાર સ્ફુરણા (વાલ્મીકિના પ્રસિદ્ધ ઉદાહરણની જેમ) તરત કાવ્યદેહ પામે તો કોઈકવાર યથાવકાશે પ્રકટે. પ્રબંધ જેવી દીર્ઘ રચનાઓમાં સ્ફુરણાનું સંચિત રૂપ ભાગ ભજવતું હોય છે એમ સમજવું.

બરાબર આવું જ કલમ ને કાગળ લઈ બેસી જાઓ તેમાં હોઈ શકે. જે આલેખન અમુક ક્ષણે પ્રકટ્યું તે એ ક્ષણની નીપજ ન પણ હોય. કાલાંતરે જે સંચિત થતું ગયું હોય એનું એ તો શાબ્દિક રૂપ જ હોય છે.

શબ્દના ઔચિત્યની પણ આપણે ચર્ચા કરીએ છીએ, શબ્દના દોષ પણ દર્શાવીએ છીએ, ત્યારે આપણા મનમાં તેનો અર્થ રહેલો હોય છે. ઔચિત્યપુરઃસરના શબ્દનો વિનિયોગ પ્રતિભા પર આધાર રાખે છે એ ખરું, કવિને શબ્દનું વરદાન હોય છે એ પણ ખરું તેમ છતાં કેટલીકવાર શબ્દનો બંધ શિથિલ હોય છે એટલે કે જે અભિપ્રેત અર્થ હોય છે તેને માટે પ્રયુક્ત શબ્દ યોગ્ય વાહનરૂપ બનતો નથી. શ્રી. બ. ક. ઠાકોરમાં આનાં ઘણાં ઉદાહરણ મળશે, 'પ્રેમનો દિવસ'માં જ :

''ત્યાં સૂતેલું વજન ગરવું તે ઋતુ એક વહેતાં.''

અહીં એક માતા પોતાના ઉદરમાં રહેલા બાળક વિશે કરી રહી છે. એને લક્ષમાં રાખીએ તો સમજાશે કે ઉદરસ્થ બાળક માટેનો પ્રયુક્ત શબ્દ 'વજન' કેવો કઢંગો ને અવાહક છે! આપણે વજન શબ્દથી પર બની તાત્પર્ય અનુસાર અર્થને પ્રાપ્ત કરીએ છીએ. કોઈક સ્ટેશને પહોંચવા માટે ઘોડાગાડી કરી હોય, ઘોડો ત્યાં સુધી ન લઈ જઈ શકે ત્યારે આપણે પગપાળા સ્ટેશન સુધી પહોંચી જઈએ એના જેવી આ શબ્દથી અર્થની યાત્રા બને છે.

'અભિવ્યક્ત'ના ત્રીજા અંકમાં શ્રી. પવનકુમાર જૈનનાં ત્રણ છાપ કાવ્યો છે તેમાંથી એક અહીં આપ્યું છે. સદ્યપ્રસૂત જેવું કે અનુભૂતિની બાદબાકી સાથેનું એ કાવ્ય છે. શબ્દો છે પણ કવિતાના આદિથી અંતપર્યંત અર્થની શૃંખલાથી સંકળાયેલા-અન્વિત-નહીં. કોઈ અકાદા વાક્યમાં પણ અન્વિતિ નહીં મળે, અર્થ પ્રાપ્તિનો પ્રયાસ વંધ્ય બનશે. આના દ્વારા કવિને અમુક અભિપ્રેત છે, આનો ભાવ આ છે – એવા કશા અર્થઘટનમાં એ બંધ બેસશે નહીં અને કોઈ એવું બેસાડે તો પણ કવિતાનું ઘણું તેથી બહાર રહી જાય. આવી કવિતા સદ્યઃ કાલાંતરે પણ પરિનિવૃત્તિ સાધી શકે? આનો ઉત્તર આપવો સહજ નથી. કોઈ આવી રચનાઓને ''કવિના મગજનો પેચ ઢીલો પડી ગયો''ના નિમિત્તવાળી પણ જુએ.

*જનસત્તા : 'કવિતાની કલા', જાન્યુઆરી, ૧૯૭૧*

# કાગળના સિંહ...

## વિનોદ ભટ્ટ

*કાવ્ય : ગોવાળની પ્રતિજ્ઞા (ઇમરજન્સી નિમિત્તે)*

ગયા રવિવારના છાપાઓમાં સમાચાર વાંચ્યા કે શ્રીમતી મૃણાલ ગોરેએ લાયન્સ કલબમાં ભાષણ કરતાં કહ્યું કે દેશમાં આટલી બધી કલમો છે એટલે હું તો એમ માનતી હતી કે આ દેશ સિંહોનો હશે, પરંતુ કટોકટીની પરિસ્થિતિમાં જ્યારે અમે બધાં જેલમાં હતાં ત્યારે આમાંથી એક પણ સિંહે ગર્જના કરી નહોતી....

અમને લાગે છે કે મૃણાલજીએ ખોટી જગ્યાએ જઈને ત્રાડ નાખી છે. ભારતમાં સિંહોની વસ્તી ઘણા સમયથી ઓછી થઈ ગઈ છે. કટોકટી સમયે સિંહો સળિયા પાછળ હતા. એટલે કાગળના સિંહો પાસેથી ગર્જનાની અપેક્ષા રાખવી એ જરા વધુ પડતું છે. વેજિટેરિઅન લાયન્સની ત્રાડ હોય પણ કેવી!... એ બિચારાના મોંમાંથી અવાજ પણ ના નીકળી શકે, પણ એમનોય વાંક મને તો નથી દેખાતો.

લાયન્સની જેમ ગર્જનાઓ કરવાનું કામ કેટલાક કવિ-લેખકોએ ઉપાડી લીધેલું, એ અરસામાં ઉમાશંકર, હરીન્દ્ર, સુરેશ જોષી, રઘુવીર, રાજેન્દ્ર શુક્લ, શિવકુમાર, ચન્દ્રકાન્ત, શિવ પંડયા, વિષ્ણુ પંડયા, વનમાળી વાંકો, બકુલ, ભગવતીકુમાર, વગેરે નરસિંહોએ પ્રજાના કાનમાં પડાય એટલી ત્રાડો પાડેલી.

ભાવનગરના બે મિત્રો, પ્રફુલ્લ દવે અને હિંમત ખાટસૂરિયાના તંત્રીપણા હેઠળ પ્રગટ થયેલ 'રંગ'નો કટોકટીની કવિતાઓનો અંક પણ માણવા મળ્યો. એમાંનું એક કાવ્ય 'ગોવાળની પ્રતિજ્ઞા' (પવનકુમાર જૈન રચિત)નું સહપાઠન કરીએ :

*રાજ ને પાટ છો બદલાય!*
*બે જણ નહીં બદલાય,*
*એક તું અને બીજો હું.*
*ને, તેથી જ, હે મારી*
*કવલી ગાય,*
*હું કાનો ગોવાળિયો*
*પ્રતિજ્ઞા કરું છું કે :*
*જીવું ત્યાં સુધી હું*
*સવાર-સાંજ તને અને*
*તારા વાછરડા ભૂરિયાને*

*ચારો નીરીશ ને પાણી પાઈશ.*
*ને, જો ધરતી વાંઝણી થાય,*
*ઇન્દ્ર રિસાય,*
*કે રાજા પાપી થાય,*
*તો તારાં અણિયાળાં શીંગડાંથી*
*તું મારું પેટ ચીરી નાખજે,*
*કારણ કે તારું દુઃખ*
*મારાથી નહીં જોવાય.*

કહે છે કે સિંહ ખૂબ જ અકળાઈ જાય ત્યારે માથું પટકી પટકીને પોતાના પ્રાણ ત્યાગી દેતો હોય છે. આવા જ એક સિંહે કટોકટીના ગાળામાં આત્મવિલોપન કરેલું. એ કલાકાર જીવનું નામ હતું પ્રભાકર શર્મા. તા. ૧૪-૧૦-'૭૬ના રોજ શરીર પર કેરોસીન છાંટીને બળી મરવા અગાઉ ઇન્દિરાજી પર તેણે લખેલ પત્રનો કેટલોક અંશ અહીં ઉતારવાની લાલચ રોકી શકાતી નથી. પત્ર હિન્દીમાં લખાયેલો, 'મૈં જાનતા હૂં કિ ઇસ પ્રકાર કા પત્ર લિખના ભી એક પ્રકાર કા ગુનાહ હૈ. ઇસ લિયે મૈં આપ કે પાપી રાજ્ય મેં જીવિત રહના નહીં ચાહતા. ઇસ પત્ર કી નકલેં મેં અપને મિત્રોં, બમ્બઈ કે મુખ્ય મંત્રીકો ભેજ રહા હૂં. આપ જિનકો તનખ્વાહ દે કર દુષ્ટ વ ક્રૂર કૃત્ય કરને કે લિયે મજબૂર કરતી હૈં મુઝે પકડને કે લિયે આયેંગે. લેકિન મૈં જિંદા ઉનકે હાથ નહીં લગૂંગા, મેરા યહ નિષ્પ્રાણ બના હુઆ શરીર ઉન કે હાથ લગ જાયેગા. ઇસ પ્રકાર આપ કા મીસા કાનૂન ઔર ઉદ્ધત તાનાશાહી મેરે સામને નિઃશસ્ત્ર બન જાયેગી, આપકા સારા પશુબલ બેકાર સાબિત હોગા....

'મૈં આપ કો યા આપ કી લાલફીતશાહી કો મેરે શરીર પર કિસી પ્રકાર કા જુલ્મ નહીં કરને દૂંગા. ક્યા ઈશ્વર ને ભારત કી જનતા કો આપ કે હાથ બેચ દિયા હૈ કિ આપ ચાહે જબ ઔર ચાહે જિસ કો જેલખાનોં મેં ઠૂંસ દેં! મુઝે ઉસ મનુષ્ય કી દયાજનક હાલત દેખ કર રુલાઈ આતી હૈ કિ જો કેવલ આપ સે પેટ યા પદ કે લિયે અપની અંતરાત્મા કી આવાજ કે વિરુદ્ધ કેવલ, ઇસ લિયે હૈ કિ ઉસ કે પીછે એક સંગઠિત પશુબલ ખડા હૈ, પ્રજા પર જુલ્મ કરતા હૈ. જહાં તક મેરા અપના સંબંધ હૈ, મૈં આપ કો યા આપકે યમદૂતોં કો મેરા સ્વાતંત્ર્ય છીનને ઔર ઇસ પ્રકાર એક દુષ્કૃત્ય કર કે અપના હી આત્મહનન કરનેકા મૌકા નહીં દૂંગા...'

ઉપરોક્ત પત્રની નકલ શ્રી પ્રભાકર શર્માએ આત્મહત્યા અગાઉ વિનોબાજીની જાણ માટે મોકલી આપેલી... પણ એ દિવસોમાં વિનોબાજીને મૌન હોવાથી તેમણે માત્ર એક લાં...બો (દિલ્હી સુધી લાંબો) નિસાસો નાખેલો, સાધુ-સંત પાસેથી આનાથી વધુ અપેક્ષા પણ શું રાખી શકાય!

*સંદેશ : 'ઇદમ્ તૃતીયમ્', ૧૦/૭/૧૯૭૭*

# કવિતામાં બધું જ ચાલે

## નિર્મિશ ઠાકર

*કાવ્ય : કવિતામાં ચાલે?*

'કવિતા'માં એવું તે શું છે? 'કવિતા'ના વિરોધીઓ પણ કવિતા લખ્યા વિના ઠરીને બેસતા નથી! ચંદ્રકાન્ત બક્ષીએ પણ કવિતા (?) લખી છે બોલો! 'ગુજરાતી કવિ'ને ક્યારેક 'કવૈયો' કહેનાર અને 'ગુજરાતી કવિતા'ને સાહિત્યનું સૌથી નીચું શિખર ગણનાર બક્ષીજીએ ગુજરાતી કવિતા લખીને એ શિખરને વધુ નીચું બનાવવામાં પ્રદાન કરવાની શી જરૂરત હતી? 'કવિતા' જ્યારે વિષય બનીને કવિતામાં આવે છે ત્યારે શું ઇષ્ટ અને શું અનિષ્ટ-એવા પ્રશ્નો અવશ્ય ઊભા થાય છે, પણ એથી શું? મેં તો આવી કેંક કસરતો જોઈ નાખી, માટે કહું છું કે કવિતામાં બધું જ ચાલે, ચાલી જ રહ્યું છે, લખો તમતમારે!

હવે એક કવિની હૈયાવરાળ જાણીએ (ભાણીએ તો ના કહેવાય!).

અછાંદસ કાવ્યોમાં આજકાલ આ પ્રકારની પૅટર્ન સારી ચાલે છે. એમાં શું હોય છે કે પોતાના વિચારના સમર્થનમાં કવિએ દરેક પંક્તિમાં એક નવું ઉદાહરણ ગોઠવવાનું હોય છે અને એ દરેક પંક્તિને અંતે, ગઝલમાં જે રીતે રદીફ આવતી હોય છે એ રીતે એક ચોક્કસ શબ્દસમૂહ ગોઠવવો પડે છે. આ પૅટર્ન મુજબ કવિ પોતે હાંફી ન જાય ત્યાં સુધી કાવ્ય લંબાવી શકે છે, પણ છેવટે કાવ્યને અંતે પેલા ચોક્કસ શબ્દસમૂહમાં સહેજ ફેરફાર કરી આખા કાવ્યના શબ્દાર્થને દૂર હડસેલી વ્યંગ્યાર્થ પ્રગટાવવાનો હોય છે અથવા તો એમ થતું ધારીને ઊંડો સંતોષ લેવાનો હોય છે. ક્યારેક તો એ પુનરાવર્તન પામતા શબ્દસમૂહને અંતે માત્ર વિરામચિહ્ન બદલીને પણ હેતુ પાર પાડવાનો રિવાજ છે.

આ કાવ્ય-પૅટર્ન નજર સામે આવતાં જ મને સુરેશ દલાલનાં ખાસાં કાવ્યો એકસામટાં યાદ આવે છે! કાવ્યરોગના દર્દીઓના (એટલે કે કવિઓના) કેસ હાથ પર લેતા હોય, એમ એમણે 'Pre-Scription' નામનું કાવ્ય લખેલું, જેમાં લખવા માટે ઝનૂન ચડાવતો એક શબ્દસમૂહ '-તો લખો' સતત 'રદીફ'ની જેમ આવ્યા કરતો. એ અછાંદસની છેલ્લી પંક્તિ ખૂબ પ્રેરક હોઈ, અહીં ટાંકું છું :

*'તમને કંઈ પણ આવડતું નથી*
*એ અવસ્થા પર ઊભા રહેતાં આવડે છે? – તો લખો.'*

આ પંક્તિમાંથી પ્રેરણા મળવાને કારણે તો હું કવિ થઈ શક્યો છું, એમ ઘણા માને છે. મને પણ એ બાબતે તો દૃઢ વિશ્વાસ થઈ ગયેલો કે ભલે કશું ના આવડે પણ જો

લખવાની જીદ સાથે આપણે અટલ રહેતાં શીખીશું, તો પછી જે કાંઈ લખાશે તે કાવ્ય જ હશે. અને પછી તો મેં લખવા માંડ્યું, માનશો? (ટૂંકમાં, પવનભાઈ! કાવ્યમાં શું નથી ચાલતું? અરે આખેઆખો હું ચાલી ગયો છું, બોલો!) અછાંદસમાં 'તો કદાચ કવિ થવાય'ને રદીફ (?) રાખી સુરેશ દલાલે બીજું પણ એક પ્રેરક કાવ્ય રચેલું. આ બધું ધડાધડ કરતુંકને યાદ આવવા માંડે છે, શું કરું? આપણે હવે મૂળ કાવ્ય પર આવવું છે કે બધું ચાલે છે, એમ માની ચલાવ્યે જ રાખવું છે?

...તો આ વાત થઈ પ્રસ્તુત કાવ્યની પૅટર્ન અંગેની. હું માનું છું કે આ કાવ્ય લખતાં પવનકુમાર ઘણું પીડાયા હશે. છેલ્લી પંક્તિને બાદ કરતાં, કાવ્યની દરેક પંક્તિને અંતે પૂર્ણવિરામ મૂકતાં કવિએ હૈયા પર મણ-મણના પથ્થર મેલવા પડ્યા હશે. કહેવું હોય 'તો કવિતામાં જરાય ના ચાલે' પણ લખવું પડે 'તો કવિતામાં ચાલે' અને અંતે પૂર્ણવિરામ! ('કવિતા'નો પુરસ્કાર પણ અમે આ રીતે જ સ્વીકારતા હોઈએ છીએ, બાકી એની રકમ તમે જાણો તો તમારું હૈયું બેસી જાય!) જોકે છેલ્લી પંક્તિએ કવિની સ્થિતિ કુકર જેવી થઈ છે. જો એમણે દરેક પંક્તિએ પોતાની વ્યથા ખુલ્લી પાડી દીધી હોત (અને પૂર્ણવિરામો ન મૂક્યાં હોત) તો આટલી બધી હૈયાવરાળ ભેગી ન થઈ ગઈ હોત અને છેલ્લી પંક્તિએ પ્રશ્નાર્થરૂપે સીટી-વ્હિસલ ન વાગી હોત!

દરેક કાવ્ય અનુભૂતિની સચ્ચાઈના પાયા પર ઊભેલું હોવું જોઈએ, એમ જો કવિએ કહેવા ઇચ્છયું હોય તો એ વાત અડધી સાચી તો ખરી, પણ...

હમણાં હું 'ખિસ્સાકાતરુની વ્યથા' નામનું કાવ્ય લખી રહેલો, પણ એ પૂર્ણ કરી શક્યો નથી. ચલો, કદાચ કાવ્ય ખાતર હું એનો અનુભવ લેવાનું જોખમ પણ લઈ શકું, પણ કાલ જો મારે 'મૃત્યુ' અંગે કાવ્ય લખવું હશે તો એ કઈ રીતે લખાશે?

ઘણા લોકો કહે છે, 'ચાલશે' શબ્દ શબ્દકોશમાં જ ન હોવો જોઈએ! ને પવનભાઈ, હું શબ્દકોશ વિના જ ચલાવી લઉં છું! ને મારું બેટું બધુંય ચાલે છે, બાય ગૉડ! 'બધું જ ચાલે' એવું સ્વીકારી લીધા પછી જીવનમાં જે હળવાશ વ્યાપે છે, એય માણવા જેવી હોય છે. અમુકતમુક પ્રકારની પ્રતિબદ્ધતાને કારણે કવિ કેટલા બધા આનંદોને ચૂકી ગયા હશે! જાત ભલે ન જાગી હોય, પણ જગને જગાડવાનીય એક મઝા હોય છે. 'મૃગજળ' તો મૃગ માટે હોય છે એમ માની આપણે એને વાચકો સામે મૂકી દેવાનું, આપણે કંઈ એની પાછળ દોડવાની જરૂર નથી.

કવિતા છપાતી રહે, ત્યાં સુધી એમાં બધું જ ચાલે. જો તંત્રી કહે કે ના ચાલે, તો માનવું કે ના ચાલે. ખોટો જીવ ન બાળવો, આપણે બીજી કવિતા લખવા માટે ટકવાનું છે માટે. હા, પુરસ્કારનો અનુભવ મળે તો અવશ્ય લેવો, પણ એ માટે જીદ ન કરવી.

આજકાલ આત્મકથાઓ પણ કલ્પનાને આધારે લખાય છે, તો કવિતામાં 'અનુભવ'નો દુરાગ્રહ શા માટે? આમ તો પવનભાઈ, બધું જ ડૂબવા બેઠું છે, સિદ્ધાંતોનો ભાર ખમીને ટકે એવું કશું બચ્યું નથી. જે છે એને ચાલવા દો, પ્લીઝ!

*સમકાલીન : 'તેં પૂછ્યો'તો કાવ્યનો મર્મ', ૭/૪/૨૦૦૨*

# કાગળની હોડીમાં સાહિત્યિક સફર

## સતીશ વ્યાસ

*કાવ્ય : મારી કાગળની હોડી*

કવિ પવનકુમાર જૈન ઓછું, પણ સત્ત્વશીલ રચનારા સર્જક છે. પિતા વીરેન્દ્રકુમાર જૈન હિંદીના પ્રખર સાહિત્યકાર હતા. મોટા ભાઈ ડૉ. જ્યોતીન્દ્ર જૈન કલાપ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. તેમનાં ભાભી ડૉ. યુટા જૈન-નોયબાવર (જન્મે જર્મન)એ 'સ્ટેપવેલ્સ' (વાવ) ઑફ ગુજરાત' પર પીએચડી કર્યું છે. મોટી બહેન જ્યોત્સ્ના મિલન હિન્દીમાં વાર્તાકાર તરીકે પ્રખ્યાત છે. એક બહેન કુ. દિવ્યા જૈન 'સંગિની' નામનું નારીવાદી ચેતનાનું ત્રૈમાસિક ચલાવે છે. બન્ને બનેવી સાહિત્યકાર છે. પવનકુમાર ખુદ ગ્રાફિક ડિઝાઇનર છે. તેમણે 'જર્મન સાહિત્યનો ઇતિહાસ' ગુજરાતીમાં આપ્યો છે. દેશદેશની લોકકથાઓનો સંગ્રહ આપ્યો છે. તેમના કાવ્યસંગ્રહ અને વાર્તાસંગ્રહની હજુ આપણે રાહ જોવાની રહે. આખો પરિવાર સાહિત્યકારો-કલાકારોનો હોવા છતાં બધા એટલા લો-પ્રોફાઇલ છે કે એમની પ્રવૃત્તિનો ભાર ક્યાંય જણાય નહીં. આજના યુગમાં વિરલ કહેવાય એવું વ્યક્તિત્વ પવનકુમારનું છે.

અહીં તેમનું એક કાવ્ય આપણે માણીએ. પવનકુમાર કેવળ ગદ્યકાવ્યો રચે છે. તેમનાં કાવ્યોમાં સહજતા છે, સરળતા છે, પણ એ સરળતા છેતરામણી છે. આ કાવ્યને કોણ સરળ ગણાવી શકશે?

અહીં શરૂઆતમાં કાગળની હોડી તરતી મૂકવાની વાત છે. બાળકાવ્ય જેવી શરૂઆત છે, પણ કવિ તરત કહે છે કે ગટર, ખાબોચિયાં, નદી-નાળાં, સરવર-સમંદરમાં નહીં, પણ સ્યાહીના મહાસાગરમાં એને તરતી મૂકે છે. સ્યાહીના મહાસાગરમાં તો કવિ-સર્જક જ પોતાના સર્જનની હોડી તરતી મૂકે ને! ને પછી શું થાય છે? હોડીમાં બેઠેલા શબ્દો ઊથલીને મહાસાગરમાં પડે છે ને ડૂબી જાય છે. આમ જુઓ તો શબ્દો પણ સ્યાહીના જ બનેલા છે ને! એટલે મહાસાગરમાં ઓગળી જાય એ સ્વાભાવિક છે. કેટકેટલું સર્જન કાળના પ્રવાહમાં તણાઈ જાય છે. શબ્દો ખોવાઈ જાય છે. માંડ કંઈક બચે છે. કાળનો પ્રવાહ ભલભલા ચમરબંધીઓની શેહ પણ રાખતો નથી.

'કદીક હોડી સ્યાહીમાં પલળીને ફાટી જાય છે'માં સર્જનની નશ્વરતાનો ઇશારો કહી શકાય. કદાચ અતિલેખન તરફ પણ ઇશારો હોઈ શકે. કેટલાક લેખકોને લખ-વા થયો હોય એમ લખ્યે જ જાય છે. નવલરામે લખેલો 'ઓથારિયો હડકવા' દરેક લેખક-સર્જકે વાંચવા અને યાદ રાખવા જેવો નિબંધ છે.

કવિ કહે છે, ક્યારેક તમે સ્યાહીના મહાસાગરની સુંદરતાને માણો છો, તો કદી

કોઈ ટાપુ પર રહી મારી હોડીને જોઈ-ન જોઈ કરો છો.

માનવજીવનની આ જ તો વિલક્ષણતા છે કે જેના સહારે એ ટાપુ પર પહોંચે છે એ જ હોડીને એ અવગણી શકે છે. આપણો સાહિત્ય પ્રત્યેનો અભિગમ પણ કંઈક આવો જ છે. કવિ ફરિયાદ રૂપે આ વાત નથી કરતા, પણ માત્ર હકીકતની નોંધ રૂપે તટસ્થતાપૂર્વક આ વાત કરે છે. આમાં કટાક્ષ જોવો હોય તો જોઈ શકાય. કાગળની હોડી ભલે પાણીમાં ઓગળી જાય, પણ અહીં પવનકુમારની કાગળની હોડી સાહિત્યની નદીમાં દૂર સુધી ચાલે એવાં એંધાણ આપે છે. આટલા નાનકડા કાવ્યમાં કવિએ ભાવક-સર્જક સંબંધોનું ભાષ્ય રચી આપ્યું છે. અભિનંદન.

*જન્મભૂમિ : 'મારી મનગમતી કવિતા', ૧૩/૮/૨૦૦૮*

# વિશ્વસુંદરી જેવા તડકાને તાકતી 'એક કલ્પન' કવિતા

## રાધેશ્યામ શર્મા

*કાવ્ય : તડકો*

ગુજરાતી કવિતાક્ષેત્રમાં 'મોનો ઇમેજ' નામનો નવીન કવિતાપ્રકાર ક્યારનોય પ્રવેશી ચૂક્યો છે. કવિ-તંત્રી-વિવેચક પ્રો. મધુ કોઠારી તો વર્ષોથી એમના કવિ-મિત્રો સાથે 'મોનો ઇમેજ' નામનું વિશિષ્ટ અને વિલક્ષણ સામયિક પણ નિયમિતપણે પ્રકાશિત કરી રહ્યા છે. એના એક દિવાળી અંકમાં આ 'તડકો' ઝળહળ્યો હતો!

જેમ 'ગઝલ'માં રદીફનું મહત્વ છે, એટલો જ 'મોનો ઇમેજ' કવિતાપ્રકારમાં એક ચિત્રાત્મકતા કે ચિંતનાત્મક ભાવકલ્પનનો મહિમા છે. ગઝલ-સ્વરૂપમાં કાફિયા બાદ જે શબ્દ આવે તેને રદીફ કહેવાય. એવું પ્રસ્તુત પ્રકારમાં નથી. એ અર્થમાં ગઝલની છંદબદ્ધતા જેવી રૂઢિચુસ્તતા અહીં નથી.

પ્રમાણમાં આ મુક્ત પ્રકાર છે. બ-શર્તે એક કલ્પન, એક પ્રતીક યા એક શબ્દનું પુનરાવર્તન અત્રે થતું હોઈ એટલી સીમાનો સર્જક સ્વૈચ્છિક સ્વીકાર કરતો રહે છે. છંદનો લય જાળવવા, પ્રાસના પંખીઓને પાળવા-પંપાળવા છંદપરિબદ્ધ કવિતાકર્મીને આયાસ અને કૃત્રિમતાનો ભોગ થવું પડે. પદાવલિને વચમાંથી તોડવાની અનિવાર્યતાનો જખ મારીને સ્વીકાર કરવો પડે એવું 'મોનો ઇમેજ'માં નથી. માત્ર એક ભાવ, એક ચિત્ર, એક દશ્ય કે એક શબ્દને – અભિધાથી આરંભી વ્યંજના પર્યન્તના વિસ્તાર સુધી સાચવવાની મર્યાદાને ઝૂકીને નમવું પડે છે. એના કારણે આવી કૃતિઓમાં સંઘટક એકતા (organic unity) પણ વણાયેલી વરતાય છે.

'તડકો'ની પાંચે રચનાઓમાં કર્તાએ 'તડકો' કઈ કઈ રીતે ગૂંથી લીધો છે અને તડકાના તડકાપણાને કેવાં ઉપમાનોથી ઉદ્‌ભાસિત કર્યો છે તે માણવું રસપ્રદ લાગશે. 'તડકો'(૧)માં કર્તા નર્મમર્મની રીતિએ પેશ આવ્યા છે. ઉપમાકર્મ નોંધપાત્ર છે. તડકો કેવો? તો ઉત્તર છે તાજો તડકો. શેના જેવો? તો પાંચસોની નોટ જેવો!

અધુના, અત્યંત અર્થકેન્દ્રિત યુગમાં ૫૦૦ની કડકડતી નોટનું મહાત્મ્ય સૂક્ષ્મ વ્યંગથી કવિએ મઢી આપ્યું. પણ થોભો, એથી આગળ વધી નાયકની યાચનામાં સમસ્ત અ-કિંચન વર્ગનું પ્રતિનિધિત્વ કર્યું છે આ પદોમાં : 'કોઈની પાસે હોય તો મને આપજો ને, જરા હાથમાં લઈ જોવા માટે.' તાત્પર્ય કે નાયકના હાથમાં જોવા દાખલ પણ ૫૦૦ની કડકડતી નોટ અવતરી નથી! અભાવોથી આવરાયેલી પ્રજા, દુઃખદર્દની ભેજીલી ભીનાશમાં સતત સબડતી હોય એટલે એ આવો પાંચસોની નોટ જેવો 'કડક તડકો' વાંછે નહિ તો બીજું શું માગવાની? માત્ર સાત પંક્તિમાં કેટકેટલું વ્યાપક, સમસ્યાલક્ષી સંભરી આપ્યું?

'તડકો' (૨)માં તડકા પછી વર્ષાઋતુ ઝલમલી છે.

વાદળ 'કાળાં ડિબાંગ' છે, નાયકનાં નેત્રો અવિતરતપણે પડી રહેલા વરસાદના કારણે બંધ પાળે છે. (કહો કે નયનની દુકાન બન્ધ છે!) પણ અર્થબર્થ કે અભાવસ્વભાવની વિષમતા નથી, છે કેવળ શુદ્ધ કવિતા : 'મારી બંધ આંખો સામે તરવરે છે ગલગોટો' અને ગલગોટાના ઉપમાન તરીકે પ્રગટ્યો છે : 'માટીમાંથી પાંગરેલો સ્વયમ્ તડકો!' તડકાને ગલગોટા સાથે અને ગલગોટાને સ્વયમ્ તડકા જોડે જોતરી જોવાનું કવિકર્મ કાબિલે દાદ નથી શું?

'તડકો'(૩)માં તડકાને 'દૈદીપ્યમાન' કથ્યો છે. (સાચો શબ્દ દેદીપ્યમાન જોઈએ) પણ તે કેવો? કોના જેવો? 'પ્રત્યંગે સૌષ્ઠવપૂર્ણ વિશ્વસુંદરી જેવો.' પ્રત્યંગે મતલબ કે જેનું એક એક અંગ, એક એક અવયવ, ઢોળાવ વળાંક, ઉતાર ચઢાવવાળું હોય એવી દેદીપ્યમાન વિશ્વસુંદરી (મિસ યુનિવર્સ) સરીખો તડકો! અહીં રચનાનો અંત આ પદથી આવ્યો છે : 'જગતમાં કોણ નથી ઝંખતું?'

કર્તાની ચતુરાઈ નોંધો : વિશ્વસુંદરી જેવા તડકાને જાતે ઝંખે છે, ઝંખી રહ્યા છે એમ સીધેસીધું ના કીધું પરન્તુ 'જગમાં કોણ નથી ઝંખતું?' એવો પ્રશ્ન રમતો મેલી જાતે જગની આડશમાં છુપાઈ ગયા! 'કવિતા કદાપિ સીધું વિધાન નથી વેતરતી' એવા સિદ્ધાંતનું નિજ લાભમાં લોટતું આ દૃષ્ટાન્ત કેમ ના ગણવું?

૫૦૦ની નોટ જેવો, આંખ સામે તરવરતા ગલગોટા જેવો, વિશ્વસુંદરી જેવો તડકો, રચના (૪)માં નાયકની અંદર પરકાયાપ્રવેશ કરી ગયો. ('યે અંદરકી બાત હૈ') પણ પછી તડકો 'અંદર મૂંઝાય છે.' (ચોરની મા કોઠીમાં?) તડકાભૈ ફસાયા તો ખરા, પણ અલ્લાદ્દીનની જેમ 'ખૂલ જા સિમસિમ' ઇલમ કરી નાયક વર્ણવે છે તેમ 'ખારું પાણી બની ભાગી છૂટે છે મારા રોમરોમમાંથી.'... આવું સ્વાભાવિક, સામાન્ય અનુભવથી લિપ્ત મનાય, પણ છેલ્લી (૫)મી રચના, એકદમ અણધાર્યા વળાંક આંચકા ધારતું કલ્પન સર્જી લાવી છે :

*કદીક એવો હૂંફાળો*
*જાણે ઈંડું સેવતી*
*પંખિણી.*

તડકાને 'હૂંફાળો' વિશેષણથી નવાજી, 'જાણે ઈંડું સેવતી પંખિણી' વર્ણવવો, એવી અનુપમ ઉપમાથી 'મોનો ઇમેજ' દશાંગુલ ઊર્ધ્વ સિદ્ધ થાય છે. રચનાઓની ખૂબી એ છે કે પાંચે કૃતિઓને સ્વતંત્રપણે પણ માણી શકાય.

કહેવાય આને 'મોનો ઇમેજ' પણ પાંચ પ્રકારની મલ્ટી ઇમેજના સમાવેશ દ્વારા કવિશ્રી પવનકુમાર જૈને તાજી, કડક, કોરી, કુંવારી કવિતા સર્જી આપી એનાં અભિનંદન.

*જનસત્તા-લોકસત્તા, ૧૭/૯/૨૦૦૩*

# કાવ્યાસ્વાદ

## નીતિન મહેતા

*કાવ્ય : કવિતામાં ચાલે?*

કવિતા વિશે કવિતા લખવાનાં અપાર જોખમો છે. એમાં કવિતાને બદલે પદ્યમાં કાવ્યવિવેચન થવાના અકસ્માતો સર્જાવાનો પૂરો ભય રહેલો હોય છે. આવાં જોખમો અને અકસ્માતો ક્યારેક સફળતાથી અને મોટે ભાગે તો નિષ્ફળતાથી કવિઓ દ્વારા થતાં રહેતાં હોય છે. એમની પાછળ એમનો કવિતા માટેનો સ્નેહ તથા કવિતા માટેનાં ચિંતા-ચિંતનનો ભાવ જ રહેલો હોય છે તો સાથે સાથે કવિતા વિશેની પોતાની વિભાવનાનો આછો નિર્દેશ પણ મળતો હોય છે. 'કવિતામાં ચાલે?'માં 'અનુભવ' સંજ્ઞાની આજુબાજુ વિચાર કે ભાવની જે અસંગતિઓ સમકાલીન કવિતામાં જોવા મળે છે તેની વાત તિર્યક્તાથી કરવામાં આવી છે.

જોકે આ 'અનુભવ' સંજ્ઞા સંદિગ્ધ, મૂંઝવનારી અને છંછેડનારી રહી છે. કવિતા, જીવન, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન અને અન્ય વિદ્યાશાખાઓમાં અનેક કેન્દ્રો પરથી 'અનુભવ' વિશે વિચારવિમર્શ સતત ચાલ્યા જ કરે છે. એ સમર્થન અને પ્રતિકારના બે અસમાન ધ્રુવો પર વારંવાર ગતિ કરતી, ક્યારેક સ્થાનાંતર કરતી રહેતી હોય છે. એના વિવેચનમાં અહીં ઊતરવાનો ઈરાદો નથી.

પરન્તુ આ રચનામાં કવિએ આપણા મોટા ભાગના કવિઓનું અનુભવજગત કેવુંક તો મર્યાદિત, અસંગત અને વિસંવાદી છે તેનું આલેખન રચનારીતિની કેવી પ્રયુક્તિ દ્વારા કર્યું છે એ જાણવાનો ને સમજવાનો આંશિક પ્રયત્ન કર્યો છે. કવિતા એ અનુભવનો માત્ર અનુવાદ નથી એ કવિ જાણે છે અને એમને એ પણ ખબર છે કે વધારે અનુભવી હોય એ ઉત્તમ કવિતા લખી શકે છે એવા ભ્રમમાં રહેવાનું નથી. 'કવિતામાં ચાલે?' એ આમ તો અન્યોક્તિ છે તો સાથે સાથે આ કાવ્યમાં The Centre is mourningનો ભાવ પણ વાંચી શકાય છે. કવિની ચિંતા એ છે કે કવિતા એ શું ethics without law માત્ર છે? સર્જકની સૃષ્ટિ ભલે નિયતિકૃત નિયમરહિતા હોય, કવિ ભલે નિરંકુશ હોય પણ કવિને જો પ્રાથમિક અનુભવ ન હોય, જે એણે જોયું, જાણ્યું અને પ્રમાણ્યું નથી એનું આલેખન એ વિવેકહીન બની કરે તો એણે કેળવેલી બેદરકારી એ જ એનું અજ્ઞાન બની જાય છે. તો પછી એના આલેખનની પ્રમાણભૂતતાનું શું? આપણી સમકાલીન ગુજરાતી કવિતામાં કવિની અનુભવની મૂડી ઓછી છે અને અનુભવને નામે ઘોંઘાટ પ્રદૂષણ વિશેષ છે. એટલું જ નહીં પણ આપણા મોટા ભાગના કવિઓના આલેખનની રીતિઓમાં અનેક પ્રકારની વિસંગતિઓ ભળેલી છે એ પણ પંક્તિ પંક્તિના અવકાશમાં સૂચવાતું જાય છે. આ નિમિત્તે આડકતરી

રીતે કવિ એવો સવાલ પૂછે છે કે આપણા કેટલાક કવિઓએ અનુભવના આલેખનમાં અસંભવિત શક્યતાઓ પસંદ કરી છે કે સંભવિત અશક્યતાઓ? શોધની અકળામણનું સ્થાન શું આત્મતુષ્ટિએ લીધું છે એવો સંશય પણ આ રચના જોડે ઓતપ્રોત થયેલો છે. આપણને એક પ્રશ્ન એ પણ થાય કે કવિતાના ભાવન દરમિયાન અનુભવ રચાતો આવતો હોય એનું શું કરીશું? આના ઘણા ઉત્તરો સંભવી શકે. એને અહીં કૌંસમાં રાખીએ અને 'કવિતામાં ચાલે?'ની સન્મુખ થઈએ.

અંતના પ્રશ્નાર્થ વાક્ય વિના, સમગ્ર રચના વિધાનાત્મક વાક્યોના નાના-મોટા ટુકડાઓમાં ગતિ કરે છે. 'તો કવિતામાં ચાલે.' એ ઘૂંટાઈ ઘૂંટાઈને આવર્તિત થતાં વાક્યો નકારને ઘૂંટવાની સાથે સાથે નિર્દેશ તો એ જ કરતાં રહે છે કે કવિતામાં આવું ન ચાલે. વિધાનાત્મક વાક્યના મહોરા પાછળ અહીં અણિયાળા સવાલો પૂછવામાં આવ્યા છે તેથી કવિતામાં તિર્યક્તાનો, વિડમ્બનાનો સૂર પ્રચ્છન્ન રીતે વણાતો જાય છે. દેખાતાં વિધાનાત્મક વાક્યો વાચનની ક્ષણે પ્રશ્નાર્થ વાક્યોમાં રૂપાંતરિત થતાં આવે છે. 'તો કવિતામાં ચાલે.' એ પ્રથમ વાચને સમ્મતિસૂચક લાગે પણ સાથે સાથે એ વાચકને સાશંક બનાવે ને પેલો સમ્મતિસ્વર એકાએક વળાંક લઈ લે ને પ્રશ્નાર્થમાં પરિણમે. કવિને પ્રશ્ન છે કે રણ કે મૃગજળને કવિએ સ્વનેત્રે ન નીરખ્યાં હોય, એનો પ્રાથમિક અનુભવ ન હોય તો ચાલે ખરું? કવિ દ્વૈતીયિક અનુભવની તરફેણ કરતા નથી. આપણા ઘણા ગઝલ લખતા કવિઓ વારંવાર રણ ને મૃગજળની વાતો, બન્ને અનુભવ વિના જ શા માટે કરતા હશે? રણ-મૃગજળની જોડેના સંદર્ભો કવિએ કવિએ, એના લખાણે લખાણે જુદા હોવાના પણ મૂળ મૂડી જ ન હોય તો? એવો પ્રશ્ન આપણા આ રચનાકારને થાય છે. રણ-મૃગજળના સંદર્ભો પણ એકવિધ અને રેઢિયાળ થઈ ગયા છે, કવિના સત્ત્વને એ નવું પરિમાણ આપનાર કેમ બનતા નથી એવો 'તો કવિતામાં ચાલે.'ના પૂછડિયા ડંખમાં નિર્દેશ છે.

આ પછી આવતી વિધાનોની શ્રેણીમાં વિધાનના પૂર્વાર્ધના અંશમાં કવિ એક વસ્તુની સ્થાપના કરે છે અને વિધાનના ઉત્તરાર્ધમાં આગળની સ્થાપના સાથે સંકળાયેલી વિસંગતિનો નિર્દેશ કરતા જાય છે. દાહકરમ અને દફનકબર બન્નેના અનુભવો અલગ અલગ છેડાના છે એની જોડે ભલે મરણ સંકળાયેલું હોય છતાં એનાં વિધિવિધાનો જુદાં છે. બે જુદી જુદી કોમ સાથે સંકળાયેલા આ સંસ્કારો સાથે એ કોમોનાં જુદાંજુદાં વિધિવિધાનો છે એની ભેળસેળ એક જ ગઝલમાં થતી રહેતી હોય છે, અનુભવના સંદર્ભમાં આ બન્ને સંસ્કારો જુદા જુદા છે તે કવિએ જાણવું રહ્યું. સર્વધર્મસમભાવના અંચળા હેઠળ પૂજા-અર્ચના ને અલ્લાની વાતો વિશે તફાવત ન જાણનાર કવિઓનું અનુભવવિશ્વ પાયાની જાણકારીથી કેવું તો વિખૂટું પડી ગયું છે તે કવિ અહીં દર્શાવે છે. દાહકરમ ને દફનકબર, તથા મૂતિપૂજા-અર્ચના ને નિરાકાર અલ્લાહની બંદગી વિશેની પાયાની જાણકારીનો અનુભવ ન હોય તો, આ નિર્દોષ અજ્ઞાન કાવ્યની રચનામાં અંતરાયરૂપ બને એ જ કવિને સૂચવવું છે, અને આવું આપણી મોટા ભાગની કાવ્યરચનાઓમાં બને છે એવો કવિને પાક્કો વિશ્વાસ છે. અનુભવની અપર્યાપ્તતાનો પ્રશ્ન અહીં કવિને મૂંઝવે છે. મદિરા ચાખ્યા વિના મદિરાનો

અનુભવ વર્ણવવો, પ્રેમના અનુભવ વિના માંદલી પ્રેમની ભાષામાં પ્રેમનું વર્ણન કરવું ને પછી આ બધું 'તો કવિતામાં ચાલે.'ના સ્વ-બચાવની પાછળ છુપાવી દેવું તે કેટલે અંશે યોગ્ય છે? આ રચનામાં પંક્તિ પંક્તિ વચ્ચેના અવકાશમાં કેટલીક સમકાલીન કવિતાનું આડકતરી રીતે વિવરણ થતું આવે છે. બે અલગ અલગ પરિસ્થિતિઓના વર્ણનમાં સમાન અર્થી શબ્દો હોવા છતાં સંદર્ભની એકવાક્યતા ન જળવાય તો એ માટે આપણા કવિનું અનુભવજગત કેવું સંકીર્ણ છે તે જ જાણવું રહ્યું. કવિ વારંવાર એક જ સમ પર આવે છે કે જેનો અનુભવ અપૂર્ણ એનું આલેખન પણ અપૂર્ણ અને અવિશ્વસનીય. આપણા કેટલાક કવિઓ વનને વગડો સમજે છે. બીજી બાજુ કવિને એક પ્રશ્ન પણ મૂંઝવે છે કે આધુનિક કવિતાના આંદોલનમાં સક્રિય રીતે, પાયાનો ફાળો આપનાર કવિઓ આજે દેવદેવીઓનાં સ્તોત્રો લખતા કેમ થઈ ગયા છે? આ વક્રતાયુક્ત વાણી પાછળ પેલો જ અણિયાળો પ્રશ્ન છે અનુભવની સંગતિનું શું? તો સાથે સાથે ભાવક તરીકે આપણે પણ થોડા છંછેડાઈએ અને આ રચનાના કવિને પ્રશ્ન પૂછીએ કે આધુનિક કવિતામાં મહત્ત્વનું પ્રદાન કરનાર કવિઓએ દેવદેવીનાં સ્તોત્રો રચ્યાં પણ એ સ્તોત્રોમાં જે સંવેદનાને રૂપ મળ્યું છે એ પરંપરાગત ભક્તિભાવનું જ છે? કે એ કાવ્યપ્રકારમાં કવિએ કોઈ જુદું પરિમાણ સિદ્ધ કરવાની મથામણ કરી છે? એ માત્ર ભક્તિભાવના નિરૂપે છે કે આધુનિક માનવીય પરિસ્થિતિની એ સ્તોત્રો દ્વારા મીમાંસા કરે છે? કવિને પોતાના ભાવને, એને અનિવાર્ય ને અનુરૂપ લાગે તે કાવ્યપ્રકારમાં ઢાળવાનો હેતુપૂર્વકનો અધિકાર ખરો કે નહીં? આપણા આ કવિને મન રચનારીતિનો સંદર્ભ ગૌણ છે ને એમને વિષય વસ્તુને અનુભવનાં પાસાંઓની ચોક્કસાઈમાં જ માત્ર રસ છે? આ કવિની આ જ રચના એક ભાવક તરીકે આસ્વાદ્ય લાગતી હોય તો તેની રચનાપ્રક્રિયાને કારણે જ. આખરે તો અભિવ્યક્તિ પણ અનુભવના રૂપને સંસ્કારવામાં આધાર રૂપ બનતી હોય છે. પણ અહીં આ નુકતેચીનીને જરા બાજુએ રાખીએ. બ્લાંશોના મતે તો સાહિત્યકૃતિના વાચનસમયે ભાવક તરફથી થોડું થોડું interruption થતું હોય છે કેમ કે એ નિષ્ક્રિય વાચક નથી. આગળ વધીએ.

આપણા કેટલાક કવિઓ અધ્યાત્મની તૈયાર બાની લઈ પોતાનું કામ ચલાવે છે, તેથી અહીં કવિ તો સ્પષ્ટતાથી કહે જ છે :

*છો જાત ન જાગી, જગને જગાડવાનો ડોળ કરો,*
*તો કવિતામાં ચાલે.*

જેની જાત જાગી નથી એ જગતને જગાડવાના ઉધામા નાખે છે, જગતનો ઉદ્ધાર કરવાનો, તેના મસીહા બનવાનો ડોળ કરે છે, એ શું કવિતામાં ચાલે ખરું? અધ્યાત્મની ચવાઈ ગયેલી, ઊંડાણ વિનાની પરિભાષામાં આ કવિઓ ઘણી વાર પરમ્પરાનું જ પોપટિયું ઉચ્ચારણ કર્યા કરતા હોય છે. મર્મી બન્યા વિના પોતાને મર્મ હાથ લાગી ગયો છે એનો દેખાવ અને તાગડો રચતા હોય છે. તેઓ સ્વયં વેશ, ટેક ને સર્જકતાના ઉન્મેષ વિનાની

ભાષાના પિંજરામાં પુરાયા હોય છે. આમ તો અધ્યાત્મનો માત્ર અનુભવ થઈ શકે, એ અનુભવ બીજાને આપી ન શકાય. અહીં કવિને લાગે છે કે આ અનુભવની મુદ્રા જ પાંખી છે તેથી આ પ્રકારની રચના કરનાર મોટા ભાગના કવિઓનું કવિત્વ પણ સત્ત્વહીન છે. આ અધ્યાત્મની તૈયાર હાથવગી પદાવલિ આપણા સંતો જે કંઈ કહી ગયા છે તેનું નામસ્મરણ કરાવે તો મૂળમાં જ એ સંતોની વાણીને સાંભળવી કે વાંચવી શા માટે નહીં? આ દ્વૈતિક અનુભવોમાં અધ્યાત્મવાણીનું અર્થ તથા અનુભવનું પોત તપાસતાં તેનું ખોખલાપણું જ સામે આવે છે એવો કવિ અહીં નિર્દેશ કરે છે.

એક રીતે તો અનુભવની ઓછી મૂડી ને તેનો વેપલો ઝાઝો એવી ગુજરાતી કવિતાની અત્યારે દશા ચાલી રહી છે. અહીં બીજી વાત છે સર્જકતાની. હાથને લકવો થયો હોય, વાણીને લૂણો લાગ્યો હોય તો ટેવવશ લેખનસર્જનની અશક્યતાની વાતોનાં ઢોલનગારાં પીટ્યા કરવાં એ પણ અનુભવની દરિદ્રતાને જ આખરે તો પ્રગટ કરે છે. ભાષામાં કોઈ દોષ નથી. દોષ હોય તો સર્જકમાં છે. ભાષા કંઈ નઠારી કે અશક્ય નથી, હા, ક્યારેક ક્યારેક આપણે એને રજા પર ઉતારી દેતા હોઈએ છીએ એ વાત અનુભવની કટોકટીનો અભાવ કવિને ધ્યાનપાત્ર લાગે છે. તેથી કેટલાક સમકાલીન કવિઓની રચનાઓમાં બિનજરૂરી, કૃતક વાણીવિલાસ ને શબ્દોનો નર્યો વેડફાટ કવિને દેખાય છે, તેથી કવિનો અનુભવ તેનાં યોગ્ય સંદર્ભગત પરિમાણો સાથે ઊઘડવાને બદલે સપાટી પરનાં શબ્દગતકડાં ને પ્રાસના નિરર્થક વ્યાયામોમાં વેરવિખેર થઈ જતો લાગે છે. આપણા મોટા ભાગના કવિઓ શબ્દવ્યભિચારથી આગળ વધી શક્યા નથી. સર્જકના અનુભવમાંથી એની નિજી મુદ્રા, સર્જકભાષાના નવાં નવાં પરિમાણો સાથે વિકસતી, ઊઘડતી આવે એવી આપણા કવિની અપેક્ષા છે. આગળ જતાં કવિ સૂચવે છે આપણા કવિઓનો પ્રકૃતિ સાથેનો નાડીગત સમ્બન્ધ કપાઈ ગયો છે છતાં એની કવિતામાં વારંવાર પ્રકૃતિનાં તત્ત્વોના ઉલ્લેખો આવ્યા કરે છે. લાવાના હિંસક અને આક્રમક તત્ત્વથી જે અજાણ છે, તે પોતાની કવિતામાં જે આક્રોશ તીખાં તમતમતાં વિધાનો દ્વારા પ્રગટ કરે છે તે પણ કૃતક છે. તેની આક્રમક ને હિંસાત્મક ધગધગતી ભાષાના પ્રયોગો માત્ર વંધ્ય જ બની રહે છે.

આમ, વિધિવિધાનોની અસંગતિમાં રાચતા, સામાન્ય જ્ઞાન ને સમજનો અભાવ ધરાવતા, આમ તો મૂંગા પણ કવિતામાં પ્રેમનાં ટાયલાં કરતા, અધ્યાત્મનો કૃતક અંચળો ઓઢી જાત-જગતને સુધારવા મર્મને પામ્યા વિના મર્મી બન્યાનો ખેસ ઓઢી ફરનાર, સર્જકતાના અભાવમાં સર્જકતા વિશે વ્યર્થ વાણીવિલાસ કરનારા, પ્રકૃતિવિમુખ, વંધ્ય આક્રોશના ઘોંઘાટો કરનારા આપણા કેટલાક કવિઓનું અનુભવજગત અત્યંત છીછરું, દૂષિત, સંકુચિત અને ઠાલું છે.

*ઠાલું ઠામ અનુભવનું, પાછું અમથું ઠલવો,*
*તો કવિતામાં ચાલે?*

આ રીતે આજની મોટા ભાગની કવિતા પ્રત્યેનો નિસ્બતપૂર્વકનો અસંતોષ હળવાશભરી ગંભીરતાથી, સજગતાથી અહીં રૂપ પામ્યો છે. અનુભવ અને તેને રૂપ આપતા શબ્દો વચ્ચે ઊંડી ખાઈ પડેલી છે તેનો નિર્દેશ વક્રતાથી, મર્માળા હાસ્યથી કવિએ કર્યો છે. પણ આ રચના માત્ર કટાક્ષ પાસે અટકી જતી નથી. સમકાલીન કવિતાના આ વિવરણ પાછળ કવિનો વિષાદનો ટોન પણ સજીવ ભાવકો સાંભળી શકશે. એક રીતે તો સમકાલીન કવિતા વિશેની આ કવિતાને વાચના જ ગણીશું. સ્વાભાવિક છે કે કવિની પોતાની કેટલીક માન્યતાઓ અહીં વિશેષ માત્રામાં ભળેલી હોય તો સાથે સાથે આ કવિતાનું ભાવન કરનાર પણ પોતાના ગમા-અણગમા પણ ભાવનની ક્ષણે સાથે સાથે ગૂંથતો જાય એવું સંવાદ-વિવાદનું પોત પણ અહીં કવિતાના વણાટમાં જોઈ શકાય છે. એ અર્થમાં પવનકુમાર જૈનની આ રચના સમર્થન અને પ્રતિકારના બે છેડા ઉઘાડા રાખે છે અને ભાવકને માટે પસંદગીનો અવકાશ રચી આપે છે.

*ફા. ગુ. સ. ત્રૈમાસિક : ‘કાવ્યાસ્વાદ’, ઑક્ટોબર - ડિસેમ્બર, ૨૦૦૧*